ગુજરાત રાજ્યના શિક્ષણવિભાગના પત્ર-ક્રમાંક
મશબ/1215/12-22/છ, તા. 1-3-2016 –થી મંજૂર

# રાજ્યશાસ્ત્ર

## ધોરણ 11

### પ્રતિજ્ઞાપત્ર

ભારત મારો દેશ છે.
બધાં ભારતીયો મારાં ભાઈબહેન છે.
હું મારા દેશને ચાહું છું અને તેના સમૃદ્ધ અને
વૈવિધ્યપૂર્ણ વારસાનો મને ગર્વ છે.
હું સદાય તેને લાયક બનવા પ્રયત્ન કરીશ.
હું મારાં માતાપિતા, શિક્ષકો અને વડીલો પ્રત્યે આદર રાખીશ
અને દરેક જણ સાથે સભ્યતાથી વર્તીશ.
હું મારા દેશ અને દેશબાંધવોને મારી નિષ્ઠા અર્પું છું.
તેમનાં કલ્યાણ અને સમૃદ્ધિમાં જ મારું સુખ રહ્યું છે.

**કિંમત : ₹ 84.00**

તમસોમા જ્યોતિર્ગમય

**ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ**
**'વિદ્યાયન', સેક્ટર 10-એ, ગાંધીનગર-382010**

© ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ, ગાંધીનગર

આ પુસ્તકના સર્વ હક ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળને હસ્તક છે. આ પુસ્તકનો કોઈ પણ ભાગ કોઈ પણ રૂપમાં ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળના નિયામકની લેખિત પરવાનગી વગર પ્રકાશિત કરી શકાશે નહિ.

**વિષય-સલાહકાર**

પ્રા. દિનેશ શુક્લ

**લેખન-સંપાદન**

શ્રી કનુભાઈ કે. પટેલ (કન્વીનર)
ડૉ. હેમા જીકાદરા
ડૉ. ગજેન્દ્ર શુક્લ
ડૉ. બલદેવ આગજા
પ્રા. મુકેશ પટેલ

**સમીક્ષા**

પ્રા. સિદ્ધાર્થ ભટ્ટ
પ્રા. ડી. જે. ધંધુકિયા
ડૉ. પુષ્પાબહેન મોતિયાની
ડૉ. ગજેન્દ્રસિંહ જાડેજા
પ્રા. હરેશકુમાર પરીખ
શ્રી ધર્મેશ પટેલ
શ્રી ગૌતમ પટેલ
શ્રી અનિલ પંડ્યા

**ભાષાશુદ્ધિ**

શ્રી ભીખુભાઈ પરમાર

**સંયોજન**

શ્રી આશિષ એચ. બોરીસાગર
(વિષય-સંયોજક : ગણિત)

**નિર્માણ-સંયોજન**

શ્રી હરેશ એસ. લીમ્બાચીયા
(નાયબ નિયામક : શૈક્ષણિક)

**મુદ્રણ-આયોજન**

શ્રી હરેશ એસ. લીમ્બાચીયા
(નાયબ નિયામક : ઉત્પાદન)

## પ્રસ્તાવના

રાષ્ટ્રીય અભ્યાસક્રમોના અનુસંધાનમાં ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડે નવા અભ્યાસક્રમો તૈયાર કર્યા છે. આ અભ્યાસક્રમો ગુજરાત સરકાર દ્વારા મંજૂર કરવામાં આવ્યા છે.

ગુજરાત સરકાર દ્વારા મંજૂર થયેલા **ધોરણ 11, રાજ્યશાસ્ત્ર** વિષયના નવા અભ્યાસક્રમ અનુસાર તૈયાર કરવામાં આવેલ આ પાઠ્યપુસ્તક વિદ્યાર્થીઓ સમક્ષ મૂકતાં ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ આનંદ અનુભવે છે.

આ પાઠ્યપુસ્તકનું લેખન તથા સમીક્ષા નિષ્ણાત શિક્ષકો અને પ્રાધ્યાપકો પાસે કરાવવામાં આવ્યાં છે. સમીક્ષકોનાં સૂચનો અનુસાર હસ્તપ્રતમાં યોગ્ય સુધારાવધારા કર્યા પછી આ પાઠ્યપુસ્તક પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

પ્રસ્તુત પાઠ્યપુસ્તકને રસપ્રદ, ઉપયોગી અને ક્ષતિરહિત બનાવવા માટે મંડળે પૂરતી કાળજી લીધી છે. તેમ છતાં શિક્ષણમાં રસ ધરાવનાર વ્યક્તિઓ પાસેથી પુસ્તકની ગુણવત્તા વધારે તેવાં સૂચનો આવકાર્ય છે.

**એચ.એન.ચાવડા**
નિયામક
તા.01-03-2016

**ડૉ. નીતિન પેથાણી**
કાર્યવાહક પ્રમુખ
ગાંધીનગર

**પ્રથમ આવૃત્તિ : 2016**

**પ્રકાશક** : ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ, 'વિદ્યાયન', સેક્ટર 10-એ, ગાંધીનગર વતી એચ.એન.ચાવડા, નિયામક

**મુદ્રક** :

# મૂળભૂત ફરજો

ભારતના દરેક નાગરિકની ફરજ નીચે મુજબ રહેશે :*

(ક) સંવિધાનને વફાદાર રહેવાની અને તેના આદર્શો અને સંસ્થાઓનો, રાષ્ટ્રધ્વજનો અને રાષ્ટ્રગીતનો આદર કરવાની;

(ખ) આઝાદી માટેની આપણી રાષ્ટ્રીય લડતને પ્રેરણા આપનારા ઉમદા આદર્શોને હૃદયમાં પ્રતિષ્ઠિત કરવાની અને અનુસરવાની;

(ગ) ભારતનાં સાર્વભૌમત્વ, એકતા અને અખંડિતતાનું સમર્થન કરવાની અને તેમનું રક્ષણ કરવાની;

(ઘ) દેશનું રક્ષણ કરવાની અને રાષ્ટ્રીય સેવા બજાવવાની હાકલ થતાં, તેમ કરવાની;

(ચ) ધાર્મિક, ભાષાકીય, પ્રાદેશિક અથવા સાંપ્રદાયિક ભેદોથી પર રહીને, ભારતના તમામ લોકોમાં સુમેળ અને સમાન બંધુત્વની ભાવનાની વૃદ્ધિ કરવાની, સ્ત્રીઓના ગૌરવને અપમાનિત કરે, તેવા વ્યવહારો ત્યજી દેવાની;

(છ) આપણી સમન્વિત સંસ્કૃતિના સમૃદ્ધ વારસાનું મૂલ્ય સમજી તે જાળવી રાખવાની;

(જ) જંગલો, તળાવો, નદીઓ અને વન્ય પશુપક્ષીઓ સહિત કુદરતી પર્યાવરણનું જતન કરવાની અને તેની સુધારણા કરવાની અને જીવો પ્રત્યે અનુકંપા રાખવાની;

(ઝ) વૈજ્ઞાનિક માનસ, માનવતાવાદ અને જિજ્ઞાસા તથા સુધારણાની ભાવના કેળવવાની;

(ટ) જાહેર મિલકતનું રક્ષણ કરવાની અને હિંસાનો ત્યાગ કરવાની;

(ઠ) રાષ્ટ્ર પુરુષાર્થ અને સિદ્ધિનાં વધુ ને વધુ ઉન્નત સોપાનો ભણી સતત પ્રગતિ કરતું રહે એ માટે, વૈયક્તિક અને સામૂહિક પ્રવૃત્તિનાં તમામ ક્ષેત્રે શ્રેષ્ઠતા હાંસલ કરવાનો પ્રયત્ન કરવાની;

(ડ) માતા-પિતાએ અથવા વાલીએ 6 વર્ષથી 14 વર્ષ સુધીની વયના પોતાના બાળક અથવા પાલ્યને શિક્ષણની તકો પૂરી પાડવાની.

*ભારતનું સંવિધાન : કલમ 51-क

# અનુક્રમણિકા


| | |
|---|---|
| 1. રાજ્યશાસ્ત્રનો ખ્યાલ | 1 |
| 2. લોકશાહીના પાયાનાં મૂલ્યો | 12 |
| 3. રાષ્ટ્રવાદ અને બિનસાંપ્રદાયિકતા | 18 |
| 4. હક અને નાગરિકતા | 24 |
| 5. ભારતીય બંધારણ : ઘડતર અને લક્ષણો | 28 |
| 6. મૂળભૂત હકો, ફરજો અને રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો | 34 |
| 7. ભારતમાં કેન્દ્ર અને રાજ્યકક્ષાએ ધારાસભા | 46 |
| 8. ભારતમાં કેન્દ્ર અને રાજ્યકક્ષાએ કારોબારી | 57 |
| 9. કેન્દ્ર અને રાજ્યકક્ષાએ ન્યાયતંત્ર | 72 |
| 10. સ્થાનિકકક્ષાએ સરકાર : સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ | 80 |


●

# 1 રાજ્યશાસ્ત્રનો ખ્યાલ

## પૂર્વભૂમિકા

રાજ્યશાસ્ત્રને આપણે સામાજિક શાસ્ત્રો પૈકીના એક શાસ્ત્ર તરીકે ઓળખાવી શકીએ. સમાજનો અભ્યાસ કરનારાં વિવિધ શાસ્ત્રો જેવાં કે, અર્થશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, માનસશાસ્ત્ર, ઇતિહાસ વગેરેની જેમ રાજ્યશાસ્ત્ર પણ આવું જ એક શાસ્ત્ર છે. આ બધાં સામાજિક શાસ્ત્રો મનુષ્યના સમાજજીવનના કોઈ ને કોઈ પાસાને સ્પર્શે છે. તેથી જ તો તે સામાજિક શાસ્ત્રો કહેવાય છે. સમાજજીવનનાં જુદાં-જુદાં પાસાંનો વિશિષ્ટ અને સમગ્રતયા અભ્યાસ કરનારાં આ શાસ્ત્રોમાં રાજ્યશાસ્ત્ર આગવું સ્થાન ધરાવે છે. અંગ્રેજી ભાષામાં રાજ્યશાસ્ત્રને પોલિટિકલ સાયન્સ (Political Science) કહેવામાં આવે છે. પોલિટિકલ શબ્દ ગ્રીક ભાષાના 'પોલિટી' શબ્દ પરથી ઊતરી આવ્યો છે. ગ્રીક લોકો પોતાના નગર અથવા શહેરને 'પોલિટી' કહેતાં. આથી રાજ્યશાસ્ત્ર એટલે નગરજીવનની ચર્ચા કરતું શાસ્ત્ર એમ માનવામાં આવતું હતું. એ વખતે નગરરાજ્યો હતાં, આજે એવાં નગરરાજ્યો રહ્યાં નથી અને તેનું સ્થાન નાનાં-મોટાં વિશાળ રાજ્યોએ લીધું છે તેમ કહી શકાય.

એરિસ્ટોટલ નામના પ્રસિદ્ધ તત્ત્વચિંતક જણાવે છે કે, મનુષ્ય સ્વભાવથી જ સામાજિક પ્રાણી છે, તેથી સ્વાભાવિક રીતે જ તે સમૂહમાં રહેવા ઇચ્છે છે. મનુષ્ય માટે એકાકી જીવન અશક્ય છે. આપણે જાણીએ છીએ કે, વ્યક્તિ જન્મથી મૃત્યુ સુધી માનવસમાજ સાથે સંકળાયેલી રહે છે. આ રીતે વ્યક્તિ અને સમાજ ગાઢ સંબંધ ધરાવે છે. મનુષ્ય સામાજિક પ્રાણી હોવા ઉપરાંત રાજકીય પ્રાણી પણ છે. સમાજમાં અનેક પ્રકારની પ્રવૃત્તિઓ ચાલતી હોય છે, જેમાં રાજકીય પ્રવૃત્તિઓનો પણ સમાવેશ થાય છે અને રાજકીય પ્રવૃત્તિઓ રાજકારણ સાથે સંકળાયેલી હોય છે. ટૂંકમાં, જ્યાં માનવસમાજ છે ત્યાં રાજકારણ પ્રવેશે છે.

## રાજ્યશાસ્ત્રનો અર્થ

રાજ્યશાસ્ત્ર એ રાજ્યનો પદ્ધતિસર અને શાસ્ત્રીય રીતે અભ્યાસ કરતું શાસ્ત્ર છે. તે રાજ્યની સૈદ્ધાંતિક બાબતોની ચર્ચા કરે છે. જેમાં રાજ્ય, તેની ઉત્પત્તિ, સરકારના પ્રકારો, રાજ્યો વચ્ચેના સંબંધો તેમજ આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ વગેરેનો અભ્યાસ કરવામાં આવે છે. રાજ્યશાસ્ત્રની સરળ વ્યાખ્યા આ પ્રમાણે આપી શકાય :

'રાજ્યશાસ્ત્ર એટલે રાજ્ય વિશેની વ્યવસ્થિત સમજ આપતું શાસ્ત્ર'. બીજા શબ્દોમાં કહીએ તો, 'રાજ્યની પ્રવૃત્તિઓ અને પ્રશ્નો સાથે સંબંધ ધરાવતું શાસ્ત્ર એટલે રાજ્યશાસ્ત્ર'.

કોઈ પણ વિદ્યાશાખાનો હેતુ, તે જેનો અભ્યાસ કરે છે તેની સમજૂતી આપવાનો હોય છે. આ દૃષ્ટિએ રાજ્યશાસ્ત્ર રાજકીય ઘટનાઓ કેમ ઘટે છે, કેવી રીતે ઘટે છે તેની પાછળ કયા પરિબળો અને કારણો જવાબદાર છે એ બધાંની વ્યવસ્થિત સમજૂતી આપવાનો પ્રયાસ કરે છે. આ ઉપરાંત તે અને રાજકારણ, તેમની સંસ્થાઓ, કાર્યો વગેરે વિશે ખ્યાલ આપવાનો પ્રયત્ન કરે છે.

રાજ્યશાસ્ત્ર અંગેના ખ્યાલોમાં પણ પરિવર્તન આવતું જાય છે. સમયે-સમયે તેનો ખ્યાલ બદલાય છે. એટલું જ નહિ પરંતુ તેના વ્યાપમાં પણ વિસ્તાર થતો જોવા મળે છે. રાજ્યશાસ્ત્રના બદલાતા અર્થ તથા સ્વરૂપને આપણે આ રીતે જોઈ શકીએ :

## પ્રાચીન સમય

પ્રાચીન સમયમાં રાજ્યશાસ્ત્રને નીતિશાસ્ત્રના એક ભાગ તરીકે ગણવામાં આવતું હતું. આજે આપણે જેને 'રાજ્યશાસ્ત્ર' વિષય તરીકે ઓળખીએ છીએ, તેને પ્રાચીન સમયમાં 'રાજનીતિશાસ્ત્ર' તરીકે ઓળખવામાં આવતું હતું. આ શબ્દ જ રાજ્યના નીતિશાસ્ત્ર સાથેના સંબંધને સ્પષ્ટ કરે છે. કૌટિલ્ય તેને દંડનીતિ તરીકે ઓળખાવે છે. સોક્રેટિસ અને પ્લેટો જેવા ચિંતકોએ રાજકારણ કે શાસન અંગેની ચર્ચા મનુષ્યના નૈતિક વ્યવહારોને કેન્દ્રમાં રાખીને કરી હતી, પરંતુ તેને એક સ્વતંત્ર વિષય

તરીકે વિકસાવવાનું કાર્ય એરિસ્ટોટલે કર્યું, તેથી તેમને રાજ્યશાસ્ત્રના પિતા તરીકે પણ ઓળખવામાં આવે છે. મહાન તત્ત્વચિંતક કૌટિલ્યના 'અર્થશાસ્ત્ર' પુસ્તકમાં પણ રાજ્યશાસ્ત્રને નીતિશાસ્ત્રથી અલગ કરીને એક સ્વતંત્ર વિષય તરીકે રજૂ કરેલો જોવા મળે છે.

### મધ્યકાલીન સમય

મધ્યકાલીન સમયમાં ધર્મશાસ્ત્રનો પ્રભાવ સૌથી વધુ હતો, એટલે રાજ્યશાસ્ત્ર પણ ધર્મશાસ્ત્રનો એક ભાગ જ ગણાતો. રાજા અમર્યાદિત સત્તાઓ ધરાવતા હતા. કારણ કે, તેની ગણના ઈશ્વરના અંશ તરીકે કે તેના પ્રતિનિધિ તરીકે થતી હતી. ત્યાર બાદ પુનઃજાગૃતિ અને ધર્મસુધારણાના સમયમાં વૈચારિક ક્ષેત્રે અભૂતપૂર્વ ક્રાંતિ આવી અને આધુનિક રાજકીય ચિંતનનો પાયો નંખાયો. ધાર્મિક મુદ્દાઓને બદલે રાજ્યની સત્તા, સમાજવ્યવસ્થા, રાષ્ટ્રની એકતા જેવા વાસ્તવિક મુદ્દાઓને ધ્યાનમાં રાખીને રાજ્યશાસ્ત્ર અંગેની ચર્ચાઓ થવા માંડી. આ રીતે રાજ્યશાસ્ત્રનો ખ્યાલ વાસ્તવવાદી બન્યો.

### આધુનિક સમય

એક સ્વતંત્ર વિદ્યાશાખા તરીકે રાજ્યશાસ્ત્રનો વ્યવસ્થિત અભ્યાસ 19મી સદીના ઉત્તરાર્ધમાં શરૂ થયો. 20મી સદીના પ્રારંભમાં અમેરિકાની વિવિધ યુનિવર્સિટીઓમાં રાજ્યશાસ્ત્રનો એક અલગ વિષય તરીકે સારા એવા પ્રમાણમાં અભ્યાસ શરૂ થયો. આ સાથે તેના અભ્યાસ કરવાના અભિગમમાં પણ મહત્ત્વના ફેરફારો થયા. અત્યાર સુધી રાજ્ય અને તેને આનુષંગિક બાબતોનો અભ્યાસ મોટા ભાગે આદર્શલક્ષી અભિગમથી કરવામાં આવતો હતો, તેને બદલે હવે રાજ્ય અને રાજકારણમાં વ્યવહારુ પાસાંઓ તેમજ રાજકીય વર્તન-વ્યવહારના સંદર્ભમાં તેના અભ્યાસ પર ભાર મુકાવા લાગ્યો. આ ખ્યાલ વર્તનવાદી અભિગમ તરીકે ઓળખાયો. આ ઉપરાંત રાજ્યશાસ્ત્રના અભ્યાસને વૈજ્ઞાનિક બનાવવા પર ખાસ ભાર મૂકવામાં આવ્યો. રાજ્યશાસ્ત્રના પરંપરાગત અભિગમ બાદ જેમ વર્તનલક્ષી અભિગમ ઉદ્દ્ભવ્યો તેમ વર્તનલક્ષી અભિગમોની ઉણપો અને અપૂર્ણતાઓ સામે અમેરિકામાં જ ઈ.સ. 1970-80ના દાયકાઓ દરમિયાન ઉત્તર વર્તનલક્ષી અભિગમ વિકાસ પામ્યો. આ અભિગમ હેઠળ રાજ્યશાસ્ત્રના અભ્યાસમાં મૂલ્યો અને તેની સામાજિક પ્રસ્તુતતા પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે. અત્યારે આ અભિગમ વધુ પ્રચલિત બન્યો છે.

### રાજ્યશાસ્ત્રનું સ્વરૂપ : વિજ્ઞાન કે કલા ?

રાજ્યશાસ્ત્ર વિજ્ઞાન છે કે નહિ એ પ્રશ્ન ચર્ચાસ્પદ છે. રાજ્યશાસ્ત્ર શબ્દમાં 'શાસ્ત્ર' શબ્દ અંગ્રેજી ભાષાના સાયન્સ (Science) એટલે કે વિજ્ઞાન શબ્દના પર્યાય તરીકે વપરાયો છે. ઘણી વખત એવો પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે, શું રાજ્યશાસ્ત્ર એ ભૌતિકશાસ્ત્ર (ફિઝિક્સ) કે રસાયણશાસ્ત્ર (કેમેસ્ટ્રી) જેવું જ શાસ્ત્ર ગણાય ? આમ જોઈએ તો વિજ્ઞાનનો વિદ્યાર્થી જે રીતે પ્રયોગશાળામાં પ્રયોગો કરીને પોતાના સિદ્ધાંતો તારવે છે, તેવી જ રીતે રાજ્યશાસ્ત્રનો વિદ્યાર્થી પ્રયોગશાળામાં પ્રયોગો કરીને રાજ્યશાસ્ત્રના સિદ્ધાંતોને તારવી શકતો નથી. પરિણામે રાજ્યશાસ્ત્રને વિજ્ઞાન ન કહી શકાય, તેમ માનવામાં આવે છે.

રાજ્યશાસ્ત્ર એ ભૌતિકવિજ્ઞાન જેવા ચોક્કસ અને જેના સિદ્ધાંતો વિશે કોઈ મતભેદ ન હોઈ શકે તેવું શાસ્ત્ર નથી. ભૌતિકશાસ્ત્ર પણ જેટલી ચોકસાઈથી તારણો તારવે છે એટલી જ ચોકસાઈથી સમાજવિજ્ઞાનોમાં તારણો તારવી શકાતાં નથી.

એક ભૌતિકવિજ્ઞાની જેટલી ચોક્કસ આગાહી કરી શકે છે, સામાન્ય નિયમો તારવી શકે છે, એટલી ચોક્કસ આગાહી કે સામાન્ય સિદ્ધાંતો સમાજવિજ્ઞાની તારવી શકતો નથી. દા.ત., પદાર્થને ગરમ કરવાથી પદાર્થ ફૂલશે એવી સ્પષ્ટ, ચોક્કસ, સર્વવ્યાપી અને સર્વકાલીન આગાહી ભૌતિકવિજ્ઞાની કરી શકે જ્યારે મતદારો નિરક્ષર હોય તો લોકશાહી સફળ થઈ જ શકે નહિ એવી ચોક્કસ આગાહી રાજ્યશાસ્ત્રમાં થઈ શકતી નથી. કારણ કે રાજ્યશાસ્ત્રનો સંબંધ મનુષ્ય સાથે છે અને મનુષ્યો સ્વભાવે પરિવર્તનશીલ છે. તેમજ તેમના સ્વભાવમાં સામ્ય નથી. એટલે જ રાજ્યશાસ્ત્ર ચોક્કસ વિજ્ઞાન કે શુદ્ધવિજ્ઞાન નથી.

જોકે, કેટલાક રાજ્યશાસ્ત્રીઓ એમ માને છે કે, જો આપણે 'વિજ્ઞાન' નો થોડો વિશાળ અર્થ કરીએ તો રાજ્યશાસ્ત્રને પણ આપણે એક વિજ્ઞાન તરીકે ગણી શકીએ. 'કોઈપણ વિષયનું ચોક્કસ અને પદ્ધતિસરનું જ્ઞાન એટલે વિજ્ઞાન.' ભલે વિજ્ઞાનના સિદ્ધાંતોની માફક રાજ્યશાસ્ત્રના સિદ્ધાંતો પ્રયોગશાળામાં પ્રયોગો કરીને તારવી શકાતા નથી. આમછતાં પણ તે વિજ્ઞાન છે કારણ કે તેનો વૈજ્ઞાનિક ઢબે અભ્યાસ કરવામાં આવે છે. દુનિયાની વિશાળ પ્રયોગશાળામાં જુદાં- જુદાં રાજ્યોમાં બનતા

બનાવોના અભ્યાસના આધારે અવલોકન તથા વિશ્લેષણ કરી તારણો કે સિદ્ધાંતો તારવવામાં આવતા હોય છે. દા.ત., દુનિયાની સરકારોના અભ્યાસ પછી એવું તારવવામાં આવ્યું છે કે, સરમુખત્યારશાહી કરતાં લોકશાહી સરકાર વધુ સારી સરકાર છે. આ સિદ્ધાંત વૈશ્વિક ધોરણે સ્વીકારાયો છે. વર્તમાન સમયમાં વર્તનવાદી અભિગમ હેઠળ અભ્યાસની વિવિધ પદ્ધતિઓ અને ટેક્નિકોનો ઉપયોગ કરીને રાજ્યશાસ્ત્રીઓ રાજ્યશાસ્ત્રની 'વિજ્ઞાન' કે 'શાસ્ત્ર' તરીકેની ચોક્કસ ઓળખ ઊભી કરવાના પ્રયત્નો કરી રહ્યાં છે. આ દૃષ્ટિએ જ રાજ્યશાસ્ત્રના વિદ્વાનોને રાજ્યશાસ્ત્રીઓ તરીકે ઓળખવામાં આવે છે.

બીજી તરફ રાજ્યશાસ્ત્રને વ્યવહારુ શાસ્ત્ર તરીકે પણ ઓળખવામાં આવે છે. કારણ કે રાજ્યશાસ્ત્રના જે સિદ્ધાંતો તારવવામાં આવે છે, તેમનું વ્યવહારમાં અમલીકરણ પણ કરવામાં આવે છે. અને તેથી જ કેટલાક વિદ્વાનો રાજકારણને એક 'વિજ્ઞાન' તરીકે જોવાં કરતાં એક 'કલા' તરીકે જોવાનું વધારે પસંદ કરે છે. એક કલાકાર જેમ જન્મજાત કુનેહ અથવા અનુભવથી કોઈ સુંદર કલાકૃતિનું સર્જન કરે છે, તેમ રાજકારણી પણ રાજ્યશાસ્ત્રના સિદ્ધાંતોની વ્યવસ્થિત જાણકારી વિના પોતાની સામાન્ય સૂઝ (કોઠાસૂઝ), અંતઃસ્ફુરણા, કલ્પનાશક્તિ કે વિવેકબુદ્ધિથી શાસનકલામાં પારંગત થઈ શકે છે અને રાજકારણની રમતમાં સફળતા પ્રાપ્ત કરી શકે છે. આપણને રાજકારણમાંથી એવા ઘણા દાખલાઓ જોવા મળે છે કે જેમાં રાજ્યશાસ્ત્રના અભ્યાસ કે જ્ઞાન વિના વ્યક્તિઓએ રાજકારણમાં ઊંચી સિદ્ધિઓ પ્રાપ્ત કરી હોય અથવા સફળતા પ્રાપ્ત કરી હોય. આપણા મોટા ભાગના રાજકારણીઓએ રાજ્યશાસ્ત્રનો વ્યવસ્થિત અભ્યાસ કર્યા સિવાય આ કલા હસ્તગત કરી છે. રાજકારણને ઘણા લોકો 'બાંધછોડ' કે 'સમાધાન' ની કલા તરીકે પણ ઓળખાવે છે. આમ છતાં આપણે એ ન ભૂલવું જોઈએ કે જેમ કોઈ કલાકાર પોતાની કલાના વિષયનું વ્યવસ્થિત અને શાસ્ત્રીય જ્ઞાન પ્રાપ્ત કરે, તો વધુ સારો કલાકાર બની શકે છે. તેમ કોઈ રાજકારણી પણ રાજ્યશાસ્ત્ર અને રાજકારણનું વ્યવસ્થિત જ્ઞાન પ્રાપ્ત કરે તો વધારે સારો અને સફળ રાજનીતિજ્ઞ બની શકે છે.

## રાજ્યશાસ્ત્રનો વિષય-વ્યાપ (કાર્યક્ષેત્ર-અભ્યાસક્ષેત્ર)

રાજ્યશાસ્ત્રની વ્યાખ્યા, અર્થ અને તેના સ્વરૂપની ચર્ચા કર્યા પછી હવે આપણે તેના વિષય-વ્યાપ કે તેના કાર્યક્ષેત્ર એટલે કે, તે કઈ કઈ બાબતોનો અભ્યાસ કરે છે તે અંગેનો ખ્યાલ મેળવીશું.

**(1) રાજ્યનો અભ્યાસ :** રાજ્યશાસ્ત્ર રાજ્યનો અભ્યાસ કરે છે. (અ) રાજ્યની ઉત્પત્તિ કેવી રીતે થઈ હશે તે અંગેના વિવિધ સિદ્ધાંતોની ચર્ચા કરે છે. (બ) રાજ્યના મૂળ તત્ત્વો જેવાં કે વસ્તી, ભૌગોલિક વિસ્તાર, સરકાર અને સાર્વભૌમત્વનો તેમાં અભ્યાસ કરવામાં આવે છે. (ક) રાજ્યનાં કાર્યો અથવા તેની ભૂમિકા એટલે કે રાજ્યએ શું કરવું જોઈએ અને શું ન કરવું જોઈએ - તે સંબંધે જુદાં જુદાં સિદ્ધાંતો તેમજ જુદી-જુદી રાજકીય વિચારધારાઓ જેવી કે, વ્યક્તિવાદ, અરાજ્યવાદ, ઉદારમતવાદ, સમાજવાદ, સામ્યવાદ, સર્વસત્તાવાદ વગેરેનાં અભ્યાસનો સમાવેશ તેમાં થાય છે. (ડ) ઉપરાંત, રાજ્યશાસ્ત્રના પાયાના ખ્યાલો જેવા કે કાયદો, સ્વતંત્રતા, સમાનતા, ન્યાય, માનવઅધિકારો, બંધુત્વ વગેરેનો પણ અભ્યાસ કરવામાં આવે છે.

**(2) સરકારનો અભ્યાસ :** રાજ્યશાસ્ત્ર રાજ્યના સૌથી મહત્ત્વના અંગ એટલે કે સરકારનો અભ્યાસ કરે છે. સરકાર, તેની રચના, સ્વરૂપ, સત્તાઓ અને કાર્યો જેના દ્વારા નક્કી થાય છે તે બંધારણનો તેમાં અભ્યાસ કરવામાં આવે છે. બંધારણની વ્યાખ્યા, તેના પ્રકારો, તેની રચના વગેરેનો અભ્યાસ કરવામાં આવે છે. સરકારનાં ત્રણ અંગો - ધારાસભા, કારોબારી અને ન્યાયતંત્ર; તેમની રચના, કાર્યો, ભૂમિકા તેમની વચ્ચેના સંબંધો વગેરેનો અભ્યાસ તેમાં કરવામાં આવે છે. સરકારના પ્રકારો જેવા કે લોકશાહી, સરમુખત્યારશાહી, લશ્કરીશાસન વગેરેનાં સ્વરૂપ, લક્ષણો, ગુણ-દોષ, તેમાં થતાં પરિવર્તનો જેમ કે, ક્રાંતિ, સત્તાપલટો વગેરેનો અભ્યાસ તેમાં કરવામાં આવે છે. સત્તાની વહેંચણી કરવાના ખ્યાલો અને તેના આધારે ઊભા થતા પ્રકારો જેવા કે; એકતંત્રી સરકાર, સમવાયતંત્રી સરકાર, તેમની રચના, લક્ષણો, ગુણ-દોષ વગેરેની ચર્ચા તેમાં કરવામાં આવે છે. સરકારનું એક અંગ-કારોબારીની રચના કેવી રીતે કરવામાં આવે છે અને તેના આધારે ઊભા થતા પ્રકારો જેવા કે સંસદીય સરકાર અને પ્રમુખીય સરકાર, તેના સિદ્ધાંતો, રચના, ધારાસભા-કારોબારી વચ્ચેના સંબંધો, તેમનાં લક્ષણો અને ગુણ-દોષ વગેરેની ચર્ચા પણ તેમાં કરવામાં આવે છે. સત્તાના વિકેન્દ્રીકરણમાંથી ઉદ્ભવતી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ, મહાનગરપાલિકાઓ (મ્યુનિસિપલ કૉર્પોરેશન) અને ગ્રામીણ વિસ્તારોમાં પંચાયતીરાજના માળખા અને તેની સંસ્થાઓનો અભ્યાસ તેમાં કરવામાં આવે છે.

**(3) વહીવટીતંત્રનો અભ્યાસ :** રાજ્યશાસ્ત્ર કારોબારી અને વહીવટીતંત્રનો અભ્યાસ કરે છે. ધારાસભાએ પસાર કરેલા કાયદાઓ તેમજ જુદી-જુદી નીતિઓ અને કાર્યક્રમોનો અમલ કરવાનું કાર્ય કારોબારીએ કરવાનું હોય છે. પણ વ્યવહારમાં તે બધાંનો વહીવટ કરવાનું કાર્ય જાહેર વહીવટીતંત્ર કરે છે. તેથી રાજ્યશાસ્ત્રમાં જાહેર વહીવટીતંત્ર અને તેના અભ્યાસના વિવિધ મુદ્દાઓનો સમાવેશ કરવામાં આવે છે. રાજ્ય અથવા તો સરકાર પોતાના નિર્ણયોનો અમલ આખરે તો વહીવટીતંત્ર દ્વારા જ કરે છે, તેથી તેનું મહત્ત્વ ઘણું છે. આમ, રાજ્યશાસ્ત્રમાં તેનો અભ્યાસ પણ કરવામાં આવે છે.

**(4) કાયદાનો અભ્યાસ :** રાજ્યશાસ્ત્ર કાયદાનો અભ્યાસ કરે છે. કોઈપણ સરકારે કાયદાના બૃહદ્ માળખામાં રહીને કામ કરવાનું હોય છે. એટલે કાયદા, તેનાં ઉદ્ભવસ્થાનો, તેનાં સ્વરૂપો અને પ્રકારો, કાયદાના ઘડતર, તેના વ્યાપ અને મર્યાદાઓ વગેરેનો અભ્યાસ પણ તેમાં કરવામાં આવે છે.

**(5) નાગરિકતા અંગેનો અભ્યાસ :** કોઈપણ રાજ્ય આખરે તો તેના નાગરિકોનું બનેલું હોય છે. રાજ્યનું સભ્યપદ એટલે કે નાગરિકતા અને તેના સિદ્ધાંતો, રાજ્ય અને નાગરિક વચ્ચેના સંબંધો એટલે કે નાગરિકના હકો અને તેની ફરજોનો તેમાં અભ્યાસ કરવામાં આવે છે. આ રીતે રાજ્યશાસ્ત્ર નાગરિક અને નાગરિકતાનો અભ્યાસ કરે છે.

**(6) લોકશાહી પ્રક્રિયાનો અભ્યાસ :** લોકશાહી શાસન પદ્ધતિમાં રાજ્યના સંચાલનમાં નાગરિકોની સક્રિય ભાગીદારી અને સામેલગીરી અનિવાર્ય માનવામાં આવે છે. આથી મતાધિકાર, તે માટેની લાયકાતો અને યોગ્યતા, ચૂંટણીપ્રથા અને તેના પ્રકારો, પ્રતિનિધિત્વ અને તે સંબંધી ખ્યાલો - પ્રતિનિધિ અને મતદારો વચ્ચેના સંબંધો જેવી બાબતોનો પણ રાજ્યશાસ્ત્રમાં અભ્યાસ કરવામાં આવે છે.

**(7) રાજકીય પક્ષોનો અભ્યાસ :** રાજ્યતંત્રના સંચાલનમાં જેમ નાગરિક પોતાની મતદાર તરીકેની ભૂમિકા ભજવે છે તેમ રાજકીય પક્ષો સત્તા પ્રાપ્ત કરવા પોતાની ભૂમિકા ભજવે છે. આથી રાજકીય પક્ષો, તેમની વ્યાખ્યા, ભૂમિકા, કાર્યો અને સ્વરૂપનો અભ્યાસ પણ રાજ્યશાસ્ત્રમાં કરવામાં આવે છે. પક્ષપદ્ધતિ, તેના પ્રકારો, તેમનાં લક્ષણો, ગુણદોષ અને મર્યાદાઓ, તેમની અગત્ય અને ભૂમિકા એ બધાનો અભ્યાસ રાજ્યશાસ્ત્રમાં કરવામાં આવે છે. નાગરિકોનાં કેટલાંક હિતજૂથો અને દાબજૂથો પણ રાજકારણની પ્રક્રિયાઓને પ્રભાવિત કરતાં હોવાથી તેમના અભ્યાસનો સમાવેશ પણ રાજ્યશાસ્ત્રમાં કરવામાં આવે છે.

**(8) રાષ્ટ્ર-રાષ્ટ્રીયતાનો અભ્યાસ :** આધુનિક સમયમાં રાજ્યે રાષ્ટ્ર - રાજ્યનું સ્વરૂપ ધારણ કર્યું છે. એટલે રાષ્ટ્ર અને રાષ્ટ્રીયતા, તેમની વ્યાખ્યા, અર્થ, સ્વરૂપ તેમને ઘડનારાં પરિબળો, તેમના ગુણદોષ અને તેનાં ભયસ્થાનો વગેરેનો અભ્યાસ પણ કરવામાં આવે છે. આમ, રાજ્યશાસ્ત્ર રાષ્ટ્ર અને રાષ્ટ્રીયતાનો અભ્યાસ કરે છે.

**(9) આંતરરાષ્ટ્રીય રાજકારણનો અભ્યાસ :** રાષ્ટ્ર-રાજ્ય અને અન્ય રાષ્ટ્ર-રાજ્યો વચ્ચેના સંબંધો જેને આંતરરાષ્ટ્રીય સંબંધો અથવા આંતરરાષ્ટ્રીય રાજકારણ કહેવામાં આવે છે, તેનો અભ્યાસ પણ રાજ્યશાસ્ત્રમાં કરવામાં આવે છે. આંતરરાષ્ટ્રીય રાજકારણ, તેનાં અર્થ અને સ્વરૂપ, તે સંબંધી સિદ્ધાંતો, વિદેશનીતિ, મુત્સદીગીરી, રાષ્ટ્રીય સલામતી, યુદ્ધ અને શાંતિની સમસ્યાઓ, આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ જેવી કે સંયુક્ત રાષ્ટ્રસંઘ, તેની રચના, કામગીરી અને ભૂમિકા વગેરેનો અભ્યાસ રાજ્યશાસ્ત્રમાં કરવામાં આવે છે.

ટૂંકમાં, રાજ્યશાસ્ત્રનો વિષય-વ્યાપ અને અભ્યાસક્ષેત્ર ઘણાં વિશાળ છે. તેમાં ગ્રામપંચાયતથી માંડી આંતરરાષ્ટ્રીય બાબતો સુધીનો અભ્યાસ કરવામાં આવે છે અને દિવસે-દિવસે તેના વ્યાપમાં વધારો થતો જાય છે.

### રાજ્યશાસ્ત્ર અને રાજકારણ

ઘણીવાર રાજ્યશાસ્ત્ર અને રાજકારણ શબ્દનો ઉપયોગ એકબીજાના પર્યાય તરીકે કરવામાં આવે છે. પરંતુ હકીકતમાં એ બરાબર નથી. રાજ્યશાસ્ત્ર અને રાજકારણ વચ્ચે મોટો તફાવત રહેલો છે. રાજ્યશાસ્ત્ર રાજ્યની ચર્ચા કરતું અને તેની સમજ આપતું શાસ્ત્ર છે. તે રાજ્યના ઘટકો અને સરકારના સિદ્ધાંતોની ચર્ચા કરે છે. રાજકારણ એ સત્તાના કેન્દ્રની આસપાસ આકાર લેતી પ્રવૃત્તિ છે. રાજકારણ એ સત્તા મેળવવા માટેનો સંઘર્ષ છે.

રાજકારણ શબ્દને આપણે સંકુચિત અને વિશાળ એમ બે અર્થમાં સમજી શકીએ : સંકુચિત અર્થમાં જોઈએ તો, ''જે

પ્રવૃત્તિઓ અથવા તો કાર્યો દ્વારા સરકારની પસંદગી કરવામાં આવે છે તથા તેના દ્વારા રાજકીય કાર્યક્રમ કે રાજકીયનીતિને વેગ આપવામાં આવે છે તેને રાજકારણ કહેવામાં આવે છે.'' જ્યારે વિશાળ અર્થમાં - ''રાજકારણ એટલે જે પ્રવૃત્તિઓ જાહેર કાર્યોના વહીવટ સાથે સંબંધ ધરાવે છે તે રાજકારણ''. બીજા શબ્દોમાં કહીએ તો, રાજકારણ જાહેર વ્યવહાર કે પ્રવૃત્તિ છે. જે વ્યક્તિઓ રાજ્યોનાં કાર્યોમાં કે તેના પ્રશ્નોમાં સક્રિય અને સીધી રીતે રસ લેતી હોય છે તેમને રાજકારણ સાથે સંકળાયેલી વ્યક્તિઓ એટલે કે રાજકારણીઓ અથવા રાજપુરુષો તરીકે ઓળખવામાં આવે છે. સત્તા મેળવવા માટેની જે હરીફાઈ થાય છે તેમાં કાવાદાવાનો ઉપયોગ મોટા પ્રમાણમાં થાય છે તેથી ઘણી વાર એવું પણ કહેવાય છે કે રાજકારણ એ કાવાદાવાની રમત છે. આ ઉપરાંત રાજકારણને વ્યવહારુ શાસ્ત્ર તરીકે પણ ઓળખવામાં આવે છે. કારણ કે રાજકારણ શાસ્ત્ર ઉપરાંત કલા પણ છે.

રાજ્યશાસ્ત્રની વિસ્તૃત વ્યાખ્યા આપવી હોય તો એવું કહી શકાય કે, ''રાજ્યશાસ્ત્ર રાજ્ય વિશે, તેના હેતુઓ વિશે તેમજ અન્ય રાજ્યો સાથેના સંબંધો વિશે માહિતી કે જ્ઞાન આપતું અને તેના વિશે ચર્ચા કરતું શાસ્ત્ર છે.''

એક મંતવ્ય એવું પણ છે કે, રાજ્યશાસ્ત્ર સરકાર સાથે સંબંધ ધરાવે છે. આ અર્થમાં તે રાજ્યના સિદ્ધાંતો તથા સરકારના સિદ્ધાંતોનો અભ્યાસ કરે છે. રાજશાસ્ત્રના અભ્યાસીઓ કે ચિંતકોને રાજ્યશાસ્ત્રી તરીકે ઓળખવામાં આવે છે.

રાજકારણ અંગેના પ્રવાહો સતત બદલાતાં રહેતાં હોય છે. આધુનિક સમયમાં વ્યક્તિના જીવનમાં રાજકારણનો પ્રભાવ પણ વધી રહ્યો છે. ભાગ્યે જ કોઈ એવી વ્યક્તિ હશે કે જે રાજકારણથી અલિપ્ત હોય! જાણે અજાણે પ્રત્યેક વ્યક્તિ થોડા કે વધુ અંશે રાજકારણના રંગથી રંગાયેલી હોય છે. ઘર-કુટુંબ, જૂથો, જ્ઞાતિમંડળો કે અન્ય સંસ્થાઓ દરેક જગ્યાએ રાજકારણ હોય જ છે. આજે તો ટેક્નોલૉજીના વિકાસ અને સંદેશા-વ્યવહારનાં ઝડપી સાધનોનાં પરિણામે મોટાભાગની વ્યક્તિઓ દેશ-વિદેશના રાજકારણથી પણ પરિચિત થવા લાગી છે. આમ, રાજકારણ એ વર્તમાન સમયમાં નાગરિક જીવનનું એક અગત્યનું લક્ષણ બની ગયું છે. આપણે ઇચ્છીએ કે ના ઇચ્છીએ પણ રાજકારણ આપણા જીવનનાં લગભગ તમામ પાસાઓને એક યા બીજી રીતે સ્પર્શે છે અને તેમને પ્રભાવિત કરે છે. માનવજીવનનું કોઈ ક્ષેત્ર એવું રહ્યું નથી કે જ્યાં રાજકારણે પ્રવેશ કર્યો ન હોય. આમ, રાજકારણે આપણા જીવનમાં ઊંડે સુધી પ્રવેશ કર્યો છે.

**રાજ્યશાસ્ત્રના અભ્યાસનું મહત્ત્વ**

રાજ્યશાસ્ત્રના અભ્યાસનું મહત્ત્વ કે તેની અગત્ય નીચે મુજબ છે :

**(1) રાજ્યની વધતી દરમિયાનગીરીને અટકાવવી :** રાજ્યનું કાર્યક્ષેત્ર દિવસે-દિવસે વધતું જાય છે, જેના લીધે મનુષ્યજીવનમાં તેની દરમિયાનગીરી પણ વિસ્તાર પામી રહી છે. સરકાર, નગર, નિશાળ, ધર્મ-સ્થાન, વ્યાપારી પેઢી, મજૂર-સંગઠન, ક્લબ, રાજકીય પક્ષો વગેરે અનેક સંસ્થાઓના સંપર્ક દ્વારા વ્યક્તિ રાજકારણ સાથે સંબંધમાં આવે છે. રાજકારણ એ માનવ અસ્તિત્વની એક અનિવાર્ય વાસ્તવિકતા છે. આમ, રાજ્યશાસ્ત્રનો અભ્યાસ રાજ્યની દરમિયાનગીરીને આપણા જીવનમાં કેટલા અંશે પ્રવેશવા દેવી તેની સભાનતા કેળવે છે.

**(2) હકો અને ફરજોથી માહિતગાર :** રાજ્યશાસ્ત્રના અભ્યાસથી આપણને આપણા મૂળભૂત હકો અને ફરજો અંગે માહિતી મળે છે એટલું જ નહિ પરંતુ હકોના રક્ષણ માટે કેવી જોગવાઈઓ અસ્તિત્વ ધરાવે છે તેનો ખ્યાલ પણ રાજ્યશાસ્ત્રના અભ્યાસથી આવે છે. આ કારણથી જ પશ્ચિમનાં રાજ્યોમાં દરેક વિદ્યાર્થી સારો નાગરિક બને તે માટે દેશના બંધારણનો તથા દેશની સરકારનો અભ્યાસ કરવો ફરજિયાત છે.

**(3) સરકારના પ્રકારોની જાણકારી :** રાજ્યશાસ્ત્રના અભ્યાસમાં વિવિધ સરકારોના અભ્યાસ ઉપરાંત તેમનો તુલનાત્મક અભ્યાસ પણ કરવામાં આવતો હોય છે. આવા અભ્યાસ દ્વારા કયા પ્રકારની સરકાર યોગ્ય છે તેનો પણ આપણને ખ્યાલ આવે છે. અત્યારે એ વિચારનો સ્વીકાર થયો છે કે સરકારના પ્રકારોમાં લોકશાહી સરકાર ઉત્તમ છે. આ તંત્રમાં લોકો પાસે છેવટની સત્તા હોવાથી રાજ્યશાસ્ત્રનો અભ્યાસ જરૂરી ગણાવી શકાય.

**(4) સરકારના તંત્રની જાણકારી :** રાજ્યશાસ્ત્ર દ્વારા સરકારનાં ત્રણેય અંગો - ધારાસભા, કારોબારી અને ન્યાયતંત્રનો ઊંડાણથી અભ્યાસ કરવામાં આવે છે, જેના કારણે આપણને સરકારના તંત્રનો સારી રીતે ખ્યાલ આવે છે. એક સારા નાગરિક

તરીકે આ પ્રકારની જાણકારી અનિવાર્ય છે, કારણ કે આપણે જે રાજ્યના નાગરિક હોઈએ તે રાજ્યની સરકાર કેવી રીતે કાર્ય કરે છે, દરેક અંગનાં કાર્યો કયા કયા છે ? આ અંગો વચ્ચે કેવા સંબંધો છે, જેવી બાબતો વિશેની જાણકારી પ્રાપ્ત થાય છે.

**(5) સત્તાના વિકેન્દ્રીકરણની સમજ :** રાજ્યશાસ્ત્રના અભ્યાસથી સ્થાનિક સરકારની સંસ્થાઓની રચના, કામગીરી તથા સત્તાક્ષેત્રનો ખ્યાલ આવે છે. એટલું જ નહીં, કેન્દ્ર સરકાર સાથેના તેના સંબંધો કેવા છે તે વિશે પણ જાણી શકાય છે. પંચાયતો, નગરપાલિકાઓ, મહાનગરપાલિકાઓ વગેરે સ્થાનિક સરકારની સંસ્થાઓમાં રાજ્યશાસ્ત્રના અભ્યાસથી સારી રીતે ભાગ લઈ શકાય છે. આ કારણથી જ સ્થાનિક સરકારની સંસ્થાઓને 'લોકશાહીની તાલીમશાળા' તરીકે ઓળખવામાં આવે છે.

**(6) નિર્ણય પ્રક્રિયામાં ભાગીદારી માટે :** લોકશાહીમાં પ્રત્યેક નાગરિકની ભાગીદારી ઇચ્છનીય છે, તેથી સામૂહિક નિર્ણયોથી જેને-જેને અસર થતી હોય તેને એ નિર્ણય પ્રક્રિયામાં સામેલ થવું અનિવાર્ય છે. આમ, આ નિર્ણય પ્રક્રિયામાં અસરકારક રીતે સામેલ થઈ શકે તે માટે રાજ્યશાસ્ત્રનો અભ્યાસ જરૂરી છે.

**(7) રાજકીય સત્તાની વિવિધ પ્રક્રિયાઓ જાણવા :** રાજ્યશાસ્ત્ર મનુષ્યની આસપાસ ચાલતી રાજકીય સત્તાની વિવિધ પ્રક્રિયાઓ અને રાજકારણનો વ્યવસ્થિત અભ્યાસ કરે છે. સમાજજીવનનાં વિવિધ પાસાંઓ અંગેના અંતિમ અને બંધનકર્તા નિર્ણયો રાજકારણ લે છે, જે નિર્ણયો આપણા જીવનને પ્રભાવિત કરતા હોય  એ નિર્ણયો કેવી રીતે લેવાય છે એ જાણવું દરેકને માટે ખૂબ જરૂરી છે. આ બધું જાણવા માટે રાજ્યશાસ્ત્રનો અભ્યાસ કરવો જરૂરી બને છે.

**(8) આંતરરાષ્ટ્રીય રાજકારણ તેમજ પ્રવાહોથી માહિતગાર :** દરેક રાજ્યને અન્ય રાજ્યો સાથે સંબંધો રાખવા પડે છે, જેમાંથી આંતરરાષ્ટ્રીય રાજકારણ સર્જાય છે. આંતરરાષ્ટ્રીય કાયદો, આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ, વૈશ્વિક પ્રવાહો વગેરે વિશે વિગતથી માહિતી આપીને રાજ્યશાસ્ત્ર આંતરરાષ્ટ્રીય રાજકારણને સમજાવે છે. આંતરરાષ્ટ્રીય રાજકારણ રાજકીય તેમજ અન્ય વિવિધ સમસ્યાઓથી ભરપૂર છે. આ સમસ્યાઓને સમજવા માટે તેમજ તેમનો ઉકેલ લાવવા માટે રાજ્યશાસ્ત્રનો અભ્યાસ અનિવાર્ય બની જાય છે.

**(9) પાયાનાં મૂલ્યોની જાણકારી :** સ્વતંત્રતા, સમાનતા, બંધુતા, ન્યાય વગેરે જેવાં મનુષ્યજીવનનાં પાયાનાં મૂલ્યો છે. આ મૂલ્યોની અગત્ય વિશેની જાણકારી અત્યંત જરૂરી છે. અને તેનો ખ્યાલ રાજ્યશાસ્ત્રના અભ્યાસથી આવે છે. તેથી રાજ્યશાસ્ત્રનો અભ્યાસ જરૂરી છે.

આ રીતે રાજ્યશાસ્ત્રના અભ્યાસની અગત્ય જેટલી આંકીએ એટલી ઓછી છે. રાજ્યશાસ્ત્રનો અભ્યાસ મનુષ્યને સારા જીવન માટે તૈયાર કરે છે. સારો નાગરિક એ કોઈ પણ રાજ્યની સંપત્તિ છે. રાજ્યશાસ્ત્રનો અભ્યાસ વ્યક્તિને સારા નાગરિક તરીકેનું ઘડતર કરવામાં મદદરૂપ થાય છે. તેથી દરેકે તેનો અભ્યાસ કરવો જરૂરી બની રહે છે.

### રાજ્યશાસ્ત્રના અન્ય સામાજિક શાસ્ત્રો સાથેના સંબંધો

રાજ્યશાસ્ત્ર એક સામાજિક શાસ્ત્ર હોવાથી તે બીજા સામાજિક શાસ્ત્રો સાથે સંબંધ ધરાવે છે. મનુષ્યની વિવિધ વૃત્તિઓ સાથે વિવિધ સામાજિક શાસ્ત્રો સંકળાયેલા હોવાથી રાજ્યશાસ્ત્રને સાચા અર્થમાં સમજવા માટે બીજા સામાજિક શાસ્ત્રો સાથેના તેના સંબંધોને જાણવા જરૂરી બને છે. ખાસ કરીને અર્થશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, ભૂગોળ, માનસશાસ્ત્ર અને ઇતિહાસ સાથે રાજ્યશાસ્ત્ર કેવી રીતે સંકળાયેલું છે તેનો હવે અભ્યાસ કરીશું.

**રાજ્યશાસ્ત્ર અને અર્થશાસ્ત્ર :** રાજ્યશાસ્ત્ર રાજ્યનાં કાર્યો, તેની સમસ્યાઓ તથા તેના હેતુઓ સાથે સંકળાયેલું છે. જયારે અર્થશાસ્ત્ર સાધન અને સંપત્તિનું શાસ્ત્ર હોવાથી તે સંપત્તિના ઉત્પાદન, વહેંચણી, વિનિમય અને વપરાશનો અભ્યાસ કરે છે. પરંતુ ખરેખર તો પ્રાચીન સમયથી આ બંને વચ્ચેના સંબંધનો સ્વીકાર કરવામાં આવ્યો છે.

આ બંને શાસ્ત્રો વચ્ચે ખાસ કરીને ઔદ્યોગિક ક્રાંતિ પછી જે સંબંધ સ્થપાયો છે તે દિવસે-દિવસે ગાઢ બનતો જાય છે. છેલ્લાં થોડાં વર્ષોથી તો અર્થશાસ્ત્રનો પ્રભાવ રાજ્યશાસ્ત્ર પર વધતો જાય છે. આ બંને શાસ્ત્રો વચ્ચેના સંબંધને આપણે આ પ્રમાણે દર્શાવી શકીએ :

(i) રાજ્યશાસ્ત્રમાં રાજ્ય અને અર્થશાસ્ત્રમાં સાધન અને સંપત્તિ કેન્દ્રસ્થાને હોવા છતાં બંનેનું અંતિમ ધ્યેય લોક કલ્યાણ છે. વ્યાપાર, વાણિજ્ય, ઉદ્યોગો, આર્થિક પ્રવૃત્તિઓ વગેરેનો વિકાસ રાજ્યમાં શાંતિ અને વ્યવસ્થા હોય તો જ થાય છે અને રાજ્યનું પ્રાથમિક કાર્ય શાંતિ અને વ્યવસ્થા જાળવવાનું જ છે.

(ii) લોકોમાં આર્થિક અસંતોષ ન પ્રવર્તે તે જોવાનું કાર્ય રાજ્યએ કરવાનું હોય છે. આર્થિક અસંતોષ ક્રાંતિને જન્મ આપે છે. જે રાજ્યમાં આર્થિક અસમાનતાનું પ્રમાણ વધુ હોય છે ત્યાં સરકારનું સ્થાન ભયમાં મુકાઈ શકે છે અને હિંસક ક્રાંતિની શક્યતા પણ રહે છે. તેથી રાજ્યની સ્થિરતા પણ જોખમાય છે.

(iii) બીજા વિશ્વયુદ્ધ પછીના સમય દરમિયાન જે આર્થિક મુશ્કેલીઓ ઘણાં રાજ્યોએ ભોગવી તેના કારણે ઉત્પાદન, વહેંચણી અને વિનિમયક્ષેત્રે સરકારે દરમિયાનગીરી શરૂ કરી. અત્યારે સરકારે ભાવનિયમનની નીતિ તથા આયાત-નિકાસની નીતિ પોતાના હસ્તક રાખી છે.

આ પ્રમાણે મોટાભાગની સમસ્યાઓ જ આજે આર્થિક સમસ્યાઓ બની ગઈ છે અને તેનો ઉકેલ લાવવા માટે રાજ્યને સદાય તત્પર રહેવું પડે છે. કોઈ પણ રાજ્યતંત્ર તેના અર્થતંત્ર પર જ આધાર રાખે છે. જે રાજ્યનું અર્થતંત્ર સબળ તેની સત્તા પણ વધુ. દા.ત., સંયુક્ત રાજ્ય અમેરિકાના સદ્ધર અર્થતંત્રના કારણે તે વિશ્વની સવાઈ સત્તા બની શક્યું છે.

(iv) સમાજવાદ, સામ્યવાદ વગેરે રાજકીય વિચારસરણીઓના પાયામાં આર્થિક સિદ્ધાંતો રહેલા છે અને તેને સમજવા માટે અર્થશાસ્ત્રનો અભ્યાસ મદદરૂપ બને છે. બ્રિટને ભારતમાં આર્થિક કારણોસર જ પગપેસારો કર્યો હતો તે ભૂલવું ન જોઈએ.

(v) છેલ્લાં થોડાં વર્ષોથી આર્થિક ઉદારવાદની નીતિ (ઉદારીકરણ)નું જે ઝડપથી અમલીકરણ થઈ રહ્યું છે તે પણ સ્પષ્ટ કરે છે કે આ બંને શાસ્ત્રો કેટલાં ગાઢ રીતે સંકળાયેલાં છે.

રાજ્યશાસ્ત્ર અને અર્થશાસ્ત્ર વચ્ચે ગાઢ સંબંધ હોવા છતાં બંનેનાં અભ્યાસક્ષેત્રો અલગ છે. બંને શાસ્ત્રોએ એકબીજાના વિકાસમાં મહત્ત્વનો ફાળો આપ્યો છે. પણ બંનેના અભ્યાસવિષયો અને ચિંતનના મુદ્દાઓ જુદા જ છે.

**રાજ્યશાસ્ત્ર અને સમાજશાસ્ત્ર :** મનુષ્ય સામાજિક પ્રાણી હોવાથી મનુષ્યના ધાર્મિક, રાજકીય, આર્થિક, શૈક્ષણિક, સાંસ્કૃતિક વગેરે સંબંધો સામાજિક સંબંધો ગણાય છે. સમાજશાસ્ત્રનો વિસ્તાર બહુ જ વિશાળ છે અને તેથી તે રાજ્યશાસ્ત્રને પણ આવરી લે છે. આ બંને વચ્ચેના સંબંધને આપણે આ પ્રમાણે દર્શાવી શકીએ :

(i) રાજ્યશાસ્ત્રના અભ્યાસમાં સમાજશાસ્ત્રનો અભ્યાસ મદદરૂપ બને છે. કારણ કે, રાજ્યની ઉત્પત્તિ તેમજ તેના વિકાસની માહિતી તેમાંથી મળે છે. ઉપરાંત, રાજ્યની શરૂઆત થઈ ત્યારે તેની ગણના રાજકીય સંસ્થા કરતાં સામાજિક સંસ્થા તરીકે થતી હતી તે આપણે ભૂલવું જોઈએ નહિ.

(ii) મનુષ્યજીવનનો ઇતિહાસ જણાવે છે કે, મનુષ્યના સામાજિક જીવનની શરૂઆત તેના રાજકીય જીવન કરતાં વહેલી થયેલી છે. આમ, સમાજશાસ્ત્ર સમયની દૃષ્ટિએ રાજ્યશાસ્ત્ર કરતાં પ્રાચીન છે. શરૂઆતમાં ભટકતું જીવન જીવતાં મનુષ્યોએ ઘણી સદીઓ પછી ખેતીની શોધથી સ્થાયી જીવન શરૂ કર્યું, જેમાંથી સ્થાયી સમૂહજીવન તથા સામાજિક જીવનની શરૂઆત થઈ અને આ પછી ઘણા સમય પછી તેમના રાજકીય જીવનની શરૂઆત થઈ છે તેમ સ્વીકારવામાં આવ્યું છે.

(iii) સમાજશાસ્ત્રીઓ રાજ્યને સર્વોચ્ચ સામાજિક સંસ્થા તરીકે સ્વીકારે છે. કારણ કે તે સમાજને દોરવણી આપવાની શક્તિ ધરાવે છે. તેમજ તે સામાજિક વર્તન-વ્યવહારોને પણ નિયંત્રિત કરે છે. એરિસ્ટોટલ, હેગલ, કાર્લમાર્ક્સ, મેકસવેબર જેવા રાજકીય ચિંતકોએ સમાજશાસ્ત્રીય તેમજ રાજકીય એમ બંને ક્ષેત્રોમાં પૃથક્કરણ કરેલાં છે.

(iv) રાજ્યશાસ્ત્ર અને સમાજશાસ્ત્ર વચ્ચેના ગાઢ સંબંધોએ એક નવી જ વિદ્યાશાખાને જન્મ આપ્યો છે અને તે 'રાજકીય સમાજશાસ્ત્ર' તરીકે ઓળખવામાં આવે છે. રાજકીય સમાજશાસ્ત્રે રાજ્યશાસ્ત્રમાં રાજકીય વિકાસ, રાજકીય આધુનિકીકરણ, રાજકીય સંસ્કૃતિ વગેરે સૈદ્ધાંતિક ખ્યાલોનું પ્રદાન કરેલ છે.

(v) સમાજશાસ્ત્રમાં મનુષ્યના સામાજિક સંબંધોનો સમાવેશ થાય છે, જેવાં કે, લગ્ન, કુટુંબ, મિલકત, જ્ઞાતિ, વંશીયતા વગેરે આ તમામ સામાજિક પ્રશ્નો અંગેના છેવટના નિર્ણયો તો રાજ્યે જ લેવાના હોય છે.

(vi) જે-તે રાજ્યનું સ્વરૂપ અને તેની કામગીરીનો અભ્યાસ કરવા જે-તે સમાજના સ્વરૂપ, વિશિષ્ટતાઓ અને કામગીરીનો અભ્યાસ કરવો ખૂબ જરૂરી છે. ભારતીય રાજકારણનો અભ્યાસ કરવો હોય તો ભારતીય સમાજ, તેનું સ્વરૂપ, તેની વિશિષ્ટતાઓ વગેરેનો અભ્યાસ કરવો જ પડે છે. ચૂંટણીમાં તેમજ સત્તા ટકાવવા માટે જ્ઞાતિ કે ધર્મ જેવા મુદ્દાઓ રાજ્યશાસ્ત્રને સમાજનાં વિવિધ અંગો અને પાસાંઓ સાથે જોડે છે.

આમ, સમગ્ર સમાજ વતી સૌને બંધનકર્તા એવા નિર્ણયો રાજ્ય લેતું હોવાથી અને આવા નિર્ણયો થકી સામાજિક સંસ્થાઓ અને પરિબળો પણ પ્રભાવિત થાય છે. ઇચ્છિત દિશામાં સામાજિક પરિવર્તન થાય તેમજ ઇષ્ટ સમાજવ્યવસ્થાનું નિર્માણ થાય એ માટે રાજ્યસત્તાનો ઉપયોગ કરવાનો આધુનિક સમયમાં સ્વીકાર કરવામાં આવ્યો છે.

**રાજ્યશાસ્ત્ર અને ભૂગોળ :** આ બંને શાસ્ત્રોનો વિચાર કરતાં એમ લાગે છે કે તેમની વચ્ચે ગાઢ સંબંધ છે. રાજ્યનાં ઘટક વસ્તી, વિસ્તાર, સરકાર અને સાર્વભૌમત્વનો સમાવેશ થાય છે એટલે રાજ્ય ચોક્કસ ભૌગોલિક વિસ્તાર સાથે સંકળાયેલ છે. ચોક્કસ વિસ્તાર, સરકાર એ તો રાજ્યનો ભૌતિક આધાર છે. ઘણા ચિંતકોએ ભૌગોલિક પરિસ્થિતિઓની રાજકીય અસર વિશે જણાવ્યું છે. જેમાં એરિસ્ટોટલથી શરૂ કરીને આધુનિક સમયના વિદ્વાનોનો સમાવેશ થાય છે.

પ્રાચીન ગ્રીસમાં અનેક ટાપુઓ આવેલા હોવાથી ભૌગોલિક એકતાના અભાવે જ ત્યાં રાજકીય એકતા સ્થાપી શકાઈ નહિ અને નગરરાજ્યો રચાયાં. સ્વિટ્ઝર્લૅન્ડનું જે ભૌગોલિક સ્થાન છે તેને લીધે જ તેનો ઇતિહાસ તથા તેની સંસ્થાઓ વિશિષ્ટ સ્થાન ધારણ કરે છે. બ્રિટનની ભૌગોલિક રચનાને લીધે જ તે મહાન દરિયાઈ સત્તા બની શક્યું છે તેમ કહી શકાય. યુરોપનું હૃદય ગણાતા જર્મનીને કુદરતી સરહદો ન હોવાથી તેના નેતાઓ તથા ચિંતકોએ જર્મની મહાન લશ્કરી સત્તા પ્રાપ્ત કરે તે વિચારને મોખરે રાખ્યો હતો. આ જ રીતે અમેરિકા પૂર્વે અને પશ્ચિમે અતિ વિશાળ મહાસાગરોથી રક્ષાયેલું છે, તેની દક્ષિણે પણ સમુદ્ર આવેલો છે.

ભારતને પણ ત્રણ બાજુ મહાસાગરો તથા ઉત્તરે હિમાલયની પર્વતમાળાના કારણે ભૌગોલિક રક્ષણ સારા પ્રમાણમાં મળતું રહ્યું છે. આવી સરહદોના કારણે બચાવ માટેનો પૂરતો સમય મળી રહે છે. ભૂતકાળમાં સોવિયેત રશિયામાં ફ્રાંસના નેપોલિયન દ્વારા તથા જર્મનીના હિટલર દ્વારા થયેલાં આક્રમણોમાં બંનેને પરાજય સાંપડ્યા. કારણકે, તેના વિશાળ વિસ્તારના કારણે દુશ્મન સૈન્યને અંદરના ભાગમાં આવવા દઈને તેને ઘેરી વળવાની રશિયાના સૈન્યને વધારે અનુકૂળતા રહેલી. તે ઉપરાંત પ્રચંડ ઠંડીનું વાતાવરણ પણ તેને દુશ્મન સામે રક્ષણ આપવામાં સહાયભૂત બનતું હતું.

બીજી દૃષ્ટિએ વિચારીએ તો રાજ્યના ભૌગોલિક વિસ્તારને રાજ્યનું મહત્ત્વનું મૂળ તત્ત્વ ગણવામાં આવે છે. આ વિસ્તારમાં રાજ્યની જમીનની સપાટી નીચેના ભાગનો, સપાટી ઉપરના અવકાશના ભાગનો તેમજ જો રાજ્ય દરિયાકિનારે આવેલ હોય તો દરિયાકિનારાથી 12 માઈલના જળવિસ્તારના ભાગનો સમાવેશ કરવામાં આવે છે.

રાજ્યના ભૂમિપ્રદેશમાંથી નીકળતાં ખનિજ પદાર્થો અને રાસાયણિક દ્રવ્યો રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે મહત્ત્વનું સ્થાન ધરાવે છે. ઘણાં રાજ્યોની આર્થિક સમૃદ્ધિ આવી કુદરતી સંપત્તિ ઉપર જ આધાર રાખે છે. દા.ત., સાઉદી અરેબિયા, ઈરાન, કુવૈત વગેરેની આબાદી ખનિજ તેલ આધારિત જ છે. ભારતમાં પણ ખનિજસંપત્તિ તથા કુદરતી તેલના કૂવાઓના કારણે દેશની સમૃદ્ધિમાં વધારો થયો છે.

આંતરરાષ્ટ્રીય રાજકારણમાં પણ ભૌગોલિક બાબતો અગત્યની ગણાય છે. જે રાજ્યો વ્યૂહાત્મક દૃષ્ટિએ મહત્ત્વનાં હોય તેમને પ્રભાવિત કરવા અથવા તો તેમને જીતી લઈને પોતાનો વિસ્તાર વધારવા સત્તાશાળી રાજ્યો હંમેશાં તત્પર રહે છે. આવાં રાજ્યો ઉપર અંકુશ જમાવવા ભૂતકાળમાં ઘણાં યુદ્ધો ખેલાયાં છે.

આમ, ભૂગોળના સંદર્ભમાં સાંપ્રત સમયમાં પણ ભૂ-રાજકારણ (જીઓ પોલિટિક્સ - Geo Politics) આંતરરાષ્ટ્રીય રાજકારણમાં મહત્ત્વનું સ્થાન ધરાવે છે. ભૂ-રાજકારણમાં મહત્ત્વનો મુદ્દો ભૂમિનો છે. બીજા શબ્દોમાં કહીએ તો તે રાજકીય જીવનને ખાસ કરીને રાજ્ય-રાજ્ય વચ્ચેના સંબંધને નક્કી કરે છે. આ રીતે રાજ્યશાસ્ત્ર અને ભૂગોળ વચ્ચેનો સંબંધ ઘણો જૂનો છે.

**રાજ્યશાસ્ત્ર અને માનસશાસ્ત્ર :** આધુનિક સમયમાં રાજ્યશાસ્ત્રના લેખકોએ રાજ્યશાસ્ત્રની ઘણી બાબતોને માનસશાસ્ત્રની મદદ દ્વારા સમજાવવાનો પ્રયત્ન કર્યો છે. અત્યારનો સમય માનસશાસ્ત્રની દૃષ્ટિએ વિચારવાનો છે. આ બંને શાસ્ત્રો એકબીજાં

સાથે સારી રીતે સંકળાયેલાં છે. આપણે આ બંનેના સંબંધને આ પ્રમાણે સમજી શકીએ :

(i) જેમ-જેમ લોકશાહીનો વ્યાપક રીતે સ્વીકાર થતો જાય છે, તેમ-તેમ માનસશાસ્ત્રના અભ્યાસનું મહત્ત્વ વધતું જાય છે. કારણ કે લોકશાહીમાં લોકમત અગત્યનું સ્થાન ધરાવે છે. દરેક રાજકીય પક્ષ પ્રચારનાં જુદાં-જુદાં સાધનોનો ઉપયોગ કરીને લોકમાનસને પોતાની તરફેણમાં વાળવા સતત પ્રયત્નશીલ રહે છે. સત્તા ઉપરનો પક્ષ સત્તાને જાળવી રાખવા માટે લોકમતને સતત નજર સમક્ષ રાખીને પોતાના કાર્યક્રમો ઘડે છે. જ્યારે વિરોધપક્ષ લોકમતને પોતાની તરફ વાળવા સતત પ્રયત્નો કરે છે. આ રીતે લોકમતના ઘડતરના સંદર્ભમાં માનસશાસ્ત્રનો અભ્યાસ ખૂબ જ ઉપયોગી થઈ પડે છે.

(ii) રાષ્ટ્રવાદની ભાવના કેળવવા માટે પણ માનસશાસ્ત્રની મદદ લેવામાં આવે છે, કારણ કે રાષ્ટ્ર-ઘડતર માટે જે માનસિક એકતાની જરૂર પડે છે. તેમાં લાગણી કે ભાવના મહત્ત્વનો ભાગ ભજવે છે. આમ, રાષ્ટ્રીય એકતાના પાયામાં માનસશાસ્ત્રીય ખ્યાલ પડેલો છે.

(iii) સરકાર દ્વારા જ્યારે નવા કાર્યક્રમો કે કાયદાઓ ઘડવામાં આવે છે, ત્યારે સરકારે લોકમાનસનો પૂરેપૂરો ખ્યાલ રાખવો પડે છે. લોકમાનસની અવગણના કરવાથી સત્તા ગુમાવવાનો વારો પણ આવી શકે છે.

(iv) મોટા ભાગે ક્રાંતિ થવાનું કારણ માનસિક અસંતોષ હોય છે. કેમ કે, ક્રાંતિકારોને જ્યારે એમ લાગે છે કે સત્તા ધારી સરકાર અયોગ્ય છે તેમજ તેને દૂર કરવા માટે કોઈ લોકશાહી માર્ગ રહ્યો નથી ત્યારે તેમનામાં પ્રવર્તતી માનસિક અશાંતિ છેવટે તેમને ક્રાંતિ કરવા પ્રેરે છે. નેતાઓની સફળતાનો આધાર અન્ય ગુણો ઉપરાંત પ્રજાની નાડને પારખવાના ગુણ પર રહેલો છે.

આમ, વર્તમાન સમયમાં માનસશાસ્ત્રીય અભ્યાસ વધતો જાય છે. તેમ-તેમ એ સમજાઈ રહ્યું છે કે માણસના વર્તન પાછળ બુદ્ધિ ઉપરાંત માનસિક વલણો પણ અસરકારક ભૂમિકા ભજવે છે. પ્રોફેસર ગ્રેહામ વાલેસે પોતાના પુસ્તક 'The human nature in Politics' માં જણાવ્યું છે કે, રાજકીય વર્તન અને વ્યવહારમાં બુદ્ધિ ઉપરાંત ટેવો, વૃત્તિઓ, સૂચનો, અનુકરણો, લાગણીઓ વગેરે પ્રબળ ભાગ ભજવે છે. આના પરથી કહી શકાય કે, રાજ્યશાસ્ત્ર તેમજ માનસશાસ્ત્ર એકબીજાના પૂરક છે.

**રાજ્યશાસ્ત્ર અને ઇતિહાસ :** રાજ્યશાસ્ત્રના અભ્યાસ માટે ઇતિહાસનું જ્ઞાન જરૂરી ગણાય છે. ઇતિહાસ એ ભૂતકાળમાં જુદા-જુદા સમયે બનેલા બનાવોનો સંગ્રહ છે. ઇતિહાસ દ્વારા આપણે જાણી શકીએ છીએ કે, રાજ્યની ઉત્પત્તિ કેવી રીતે થઈ, ક્યારે થઈ, તેમજ તેનું શરૂઆતનું સ્વરૂપ કેવું હતું. આમ ઇતિહાસમાંથી મળતી આધારભૂત માહિતી આપણને રાજ્ય વિશે ચોક્કસ વિચારો બાંધવામાં મદદ કરે છે.

આપણે અગાઉ જોયું તે મુજબ, રાજ્યશાસ્ત્રમાં ભૌતિકશાસ્ત્ર કે રસાયણશાસ્ત્રની માફક પ્રયોગોને સ્થાન નથી, તેથી ચોક્કસ કે સચોટ સિદ્ધાંતો તારવી શકાય નહિ. કારણકે, રાજ્યશાસ્ત્રમાં વિષયવસ્તુ જીવંત મનુષ્ય છે. પરિણામે સિદ્ધાંતો તારવવા માટે ઇતિહાસની મદદ લેવી પડે છે. દા.ત., સરકારની ફેરબદલી હિંસક ક્રાંતિ દ્વારા કરવી કે પછી અહિંસક ચૂંટણી પદ્ધતિ દ્વારા કરવી તે અંગેનો નિર્ણય લેવા માટે પ્રયોગની નહિ પરંતુ ઇતિહાસની મદદ અનિવાર્ય બની જાય છે. ઇતિહાસ જણાવે છે કે હિંસક કરતાં અહિંસક પદ્ધતિ જ વધારે ઉચિત છે. પરિણામે તેનો સ્વીકાર કરવામાં આવ્યો છે. આ રીતે ઇતિહાસ રાજ્યશાસ્ત્રના વિદ્યાર્થી માટે પ્રયોગશાળાની ગરજ સારે છે.

ઇતિહાસ અનેક વિષયો ઉપર લખાયો હોય છે. જેમકે, ભાષા-સાહિત્યનો ઇતિહાસ, કલા-સંસ્કૃતિનો ઇતિહાસ, શોધખોળનો ઇતિહાસ વગેરે. આ દરેક ઇતિહાસ રાજ્યશાસ્ત્ર સાથે સીધી રીતે સ્પર્શતો હોય તેમ જણાતું નથી. પરંતુ એ હકીકત છે કે આ તમામ બાબતો રાજ્યમાં જ પાંગરે છે અને તે અંગેના આખરી નિર્ણયો પણ રાજ્ય દ્વારા જ લેવાતાં હોય છે. ઇતિહાસકારોનાં લખાણો રાજ્યશાસ્ત્રના વિદ્યાર્થીને સારા પ્રમાણમાં માહિતી પૂરી પાડે છે. દા.ત., ઓગણીસમી સદીના યુરોપનો ઇતિહાસ જ્યાં સુધી સામ્રાજ્યવાદ, વ્યક્તિવાદ, સમાજવાદ વગેરેનું મહત્ત્વ સમજાવે નહીં ત્યાં સુધી તે ફક્ત હકીકતોનું વર્ણન જ ગણાય છે. આ જ પ્રમાણે ભારતના સ્વાતંત્ર્યસંગ્રામના ઇતિહાસની રાજકીય અગત્ય ન સમજાય ત્યાં સુધી તે અર્થ વગરનો ગણાય છે.

આ પ્રમાણે ઇતિહાસ અને રાજ્યશાસ્ત્ર વચ્ચે પાયાના તફાવતો રહેલાં હોવા છતાં, આ બંને ગાઢ રીતે સંકળાયેલા વિષયો છે. ઇતિહાસનો અભ્યાસ રાજ્યશાસ્ત્રના અભ્યાસી માટે કાચા માલની ગરજ સારે છે. ઇતિહાસે નોંધેલા બનાવો પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે રાજ્યશાસ્ત્રના અભ્યાસીને ઉપયોગી થાય છે. ઇતિહાસ એ ભૂતકાળની સમજૂતી આપતી વિદ્યાશાખા છે જ્યારે રાજ્યશાસ્ત્ર ભૂતકાળ, વર્તમાનકાળ અને ભવિષ્યકાળ સાથે સંબંધ ધરાવતું હોવાથી તેમાં ભૂતકાળની નક્કર હકીકતો ઉપરાંત ભવિષ્યની અપેક્ષાઓને પણ સ્થાન આપવામાં આવે છે. રાજ્યશાસ્ત્ર રાજ્ય કેવું છે અને કેવું હોવું જોઈએ તેની સાથે સંબંધ ધરાવે છે. જ્યારે ઇતિહાસ રાજ્ય કેવું હતું તેની સાથે સંબંધ ધરાવે છે. આમ, રાજ્યશાસ્ત્ર અને ઇતિહાસ બંનેનું અધ્યયન એકબીજાનું પૂરક છે. ઇતિહાસનું અભ્યાસક્ષેત્ર ઘણું વિશાળ છે. જ્યારે રાજ્યશાસ્ત્રનું અભ્યાસક્ષેત્ર ઇતિહાસની તુલનાએ સીમિત છે.

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના સવિસ્તર જવાબ આપો :**

(1) રાજ્યશાસ્ત્રના અર્થની વિગતે ચર્ચા કરો.

(2) રાજ્યશાસ્ત્રનું સ્વરૂપ સમજાવો. અથવા રાજ્યશાસ્ત્ર વિજ્ઞાન છે કે કલા, તેની સમજૂતી આપો.

(3) રાજ્યશાસ્ત્રનું કાર્યક્ષેત્ર કે તેના વ્યાપની ચર્ચા કરો.

(4) રાજ્યશાસ્ત્ર અને રાજકારણની વિસ્તૃત ચર્ચા કરો.

(5) રાજ્યશાસ્ત્રના અભ્યાસનું મહત્ત્વ સમજાવો.

**2. ટૂંક નોંધ લખો :**

(1) રાજ્યશાસ્ત્ર અને ઇતિહાસનો સંબંધ. (2) રાજ્યશાસ્ત્ર અને અર્થશાસ્ત્રનો સંબંધ.

(3) રાજ્યશાસ્ત્ર અને સમાજશાસ્ત્રનો સંબંધ. (4) રાજ્યશાસ્ત્ર અને ભૂગોળનો સંબંધ.

(5) રાજ્યશાસ્ત્ર અને માનસશાસ્ત્રનો સંબંધ.

**3. નીચેના પ્રશ્નોના ટૂંકમાં (પાંચથી સાત વાક્યોમાં) જવાબ આપો :**

(1) મનુષ્યને સામાજિક-રાજકીય પ્રાણી તરીકે શા માટે ઓળખવામાં આવે છે ?

(2) આધુનિક સમયના સંદર્ભમાં રાજ્યશાસ્ત્રનો ખ્યાલ સ્પષ્ટ કરો.

(3) 'રાજકારણ એક કલા છે'. - આ વિધાનને સમજાવો.

(4) રાજ્યશાસ્ત્રનો અભ્યાસ દરેક નાગરિકે શા માટે કરવો જોઈએ ?

(5) રાજ્યશાસ્ત્ર કઈ રીતે અર્થશાસ્ત્ર સાથે સંકળાયેલું છે ?

(6) 'રાજકીય સમાજશાસ્ત્ર' શેનો અભ્યાસ કરે છે ?

(7) રાજ્યશાસ્ત્રના અભ્યાસમાં માનસશાસ્ત્રની ભૂમિકા શું છે ?

**4. નીચેના પ્રશ્નોના એક-બે વાક્યોમાં જવાબ આપો :**

(1) અંગ્રેજી ભાષામાં રાજ્યશાસ્ત્રને શું કહે છે ?

(2) મનુષ્ય સામાજિક પ્રાણી કેમ કહેવાય છે ?

(3) રાજ્યશાસ્ત્રની ટૂંકી અને સરળ વ્યાખ્યા આપો.

(4) રાજ્યશાસ્ત્ર શુદ્ધ વિજ્ઞાન કેમ નથી ?

(5) રાજકારણની સરળ વ્યાખ્યા આપો.

(6) રાજ્યશાસ્ત્ર અન્ય કયા કયા સામાજિક શાસ્ત્રો સાથે સંબંધ ધરાવે છે ?

(7) અર્થશાસ્ત્ર શેનો અભ્યાસ કરે છે ?

(8) સરકારનાં અંગો કયા કયા છે ?

**5. સાચો વિકલ્પ પસંદ કરી બાજુના ખાનામાં દર્શાવો :**

(1) રાજ્યશાસ્ત્રના પિતા કોણ છે ? ☐

(અ) હેરોલ્ડ લાસ્કી (બ) એરિસ્ટોટલ (ક) કાર્લમાર્ક્સ (ડ) જહોન લૉક

(2) ગ્રીક લોકો પોતાના નગર અથવા શહેરને શું કહેતાં હતાં ? ☐

(અ) પોલીસ (બ) ઑફિસ (ક) મંડળ (ડ) સભા

(3) કૌટિલ્યના પ્રસિદ્ધ પુસ્તકનું નામ શું છે ? ☐

(અ) રાજા તથા પ્રજા (બ) કાયદો (ક) અર્થશાસ્ત્ર (ડ) વિકાસ

(4) કોને 'બાંધછોડ' કે 'સમાધાન' ની કલા તરીકે ઓળખવામાં આવે છે ? ☐

(અ) ઈતિહાસ (બ) રાજકારણ (ક) આદર્શવાદ (ડ) ભૂગોળ

(5) ભૂ-રાજકારણ કોની સાથે સંકળાયેલ છે ? ☐

(અ) ભૂમિ (બ) નીતિશાસ્ત્ર (ક) માનસશાસ્ત્ર (ડ) સમાજશાસ્ત્ર

(6) રાજ્યની દરિયાઈ સીમાની સત્તા કેટલા માઈલ સુધીની હોય છે ? ☐

(અ) 48 માઈલ (બ) 36 માઈલ (ક) 12 માઈલ (ડ) 4 માઈલ

(7) રાજકારણ એ કાવાદાવાની રમત છે ? ☐

(અ) સાચું (બ) ખોટું
(ક) અ તથા બ પૈકી એકેય નહિ. (ડ) અ તથા બ બંને

(8) ''ધ હ્યુમન નેચર ઈન પોલિટિક્સ'' - પુસ્તક કોનું છે ? ☐

(અ) સોક્રેટિસ (બ) મેક્સ વેબર (ક) ગ્રેહામ વાલેસ (ડ) જીન જેક રુસો

**પ્રવૃત્તિ**

- ચર્ચાસભા ગોઠવો. - નાગરિકના ઘડતરમાં રાજ્યશાસ્ત્રના અભ્યાસની ઉપયોગિતા.

•

# 2 લોકશાહીના પાયાનાં મૂલ્યો

આ પ્રકરણમાં આપણે લોકશાહીના પાયાનાં મૂલ્યો જેવાં કે સ્વતંત્રતા, સમાનતા અને સામાજિક ન્યાય જેવાં મૂલ્યોનો અભ્યાસ કરીશું.

મનુષ્યના સમૂહજીવનના પ્રારંભ સાથે વ્યવસ્થાના કેટલાક પ્રશ્નો ઉદ્ભવ્યા. આ પ્રશ્નોના ઉકેલ માટે સમાજની અન્ય સંસ્થાઓની જેમ રાજ્યસંસ્થાનો ઉદ્ભવ અને વિકાસ થયો. રાજ્યનાં ચાર આવશ્યક ઘટક તત્ત્વો વસ્તી, વિસ્તાર, સરકાર, અને સાર્વભૌમત્વ છે. તેમાં સાર્વભૌમત્વ અતિ અગત્યનું તત્ત્વ છે. તે રાજ્યને નિર્ણય ઘડતરમાં આંતરિક રીતે સર્વોપરી અને બાહ્ય રીતે સ્વતંત્ર બનાવે છે. આ સાર્વભૌમત્વ મનુષ્યની સ્વતંત્રતા વત્તે-ઓછે અંશે નિયંત્રિત કરે છે. મનુષ્ય બુદ્ધિશાળી પ્રાણી છે, તેથી સ્વભાવે સ્વતંત્રતાને ઝંખનાર છે.

**સ્વતંત્રતાનો અર્થ :** સ્વતંત્રતાનો અર્થ સ્પષ્ટ કરવા માટે જુદા જુદા રાજ્યશાસ્ત્રીઓએ પ્રયત્નો કર્યા છે. સ્વતંત્રતાનો સામાન્ય અર્થ આપતાં કહી શકાય કે, સ્વતંત્રતા એટલે અન્ય કોઈને નુકસાન ન થાય તે રીતે વર્તન-વ્યવહાર કરવાની છૂટ. પ્રોફેસર લાસ્કીના શબ્દોમાં જોઈએ તો 'સ્વતંત્રતાનો અર્થ એવા વાતાવરણની સ્થાપના છે, જેમાં મનુષ્યોને પોતાના પૂર્ણ વિકાસની તકો પ્રાપ્ત થાય છે.' આમ સ્વતંત્રતા એક પ્રકારનું વાતાવરણ છે, તે વિધેયાત્મક શક્તિ છે કે જે વ્યક્તિને તેના વિકાસની તકો પૂરી પાડે છે. તે વ્યક્તિને તેની મરજી પ્રમાણે વર્તવાની છૂટ આપે છે. પરંતુ તેનો અર્થ સ્વચ્છંદતા નથી. સમાજના સભ્ય તરીકે અને રાજ્યના નાગરિક તરીકે તે સ્વચ્છંદપણે વર્તી શકે નહિ. આમ, કેટલીક મર્યાદામાં રહીને વર્તન કરવાની છૂટને આપણે સ્વતંત્રતા કહી શકીએ.

**સ્વતંત્રતા (નકારાત્મક અને હકારાત્મક)**

રાજ્યશાસ્ત્રીઓએ સ્વતંત્રતાનાં બે પાસાં ગણાવ્યાં છે : (અ) નકારાત્મક અને (બ) હકારાત્મક.

**(અ) નકારાત્મક સ્વતંત્રતા :** કેટલાક અભ્યાસીઓનું માનવું છે કે વ્યક્તિના જીવનનાં બે પાસાં છે. પ્રથમ વ્યક્તિનું અંગત કે ખાનગી જીવન. આ જીવનમાં રાજ્યે કોઈ દખલગીરી કરવી જોઈએ નહિ. કારણ કે વ્યક્તિના અંગત જીવનથી બીજાને હાનિ થતી નથી.

પરંતુ વ્યક્તિના જીવનનું બીજું પાસું એ તેનું જાહેરજીવન છે, એટલે કે વ્યક્તિનું જાહેર વર્તન બીજી વ્યક્તિઓના કાર્યમાં દખલગીરી કરતું હોય તો રાજ્ય વ્યક્તિના આવા વર્તનને નિયંત્રિત કરી શકે છે.

**(બ) હકારાત્મક સ્વતંત્રતા :** સ્વતંત્રતાના હકારાત્મક પાસાનો વિચાર કરતાં જણાય છે કે એક મનુષ્ય તરીકે જે કરવા જેવું છે તે કરવાની તેને મોકળાશ હોય એ જરૂરી છે. એટલે કે, વ્યક્તિ જીવનમાં વિવિધ આનંદ માણી શકે. તે પોતાનું જીવન હર્યું-ભર્યું બનાવી શકે, અને તેમ કરવાની અનુકૂળતા હોય એ જરૂરી છે. ટૂંકમાં, વ્યક્તિના વ્યક્તિત્વના સર્વાંગી વિકાસને પોષતી સ્વતંત્રતા એ હકારાત્મક સ્વતંત્રતા છે.

**સ્વતંત્રતાના પ્રકાર**

સ્વતંત્રતાના અર્થને વધુ સારી રીતે સમજવા માટે તેના પ્રકારોની સમજૂતી મેળવવી જરૂરી છે. જે નીચે પ્રમાણે છે :

**(1) કુદરતી સ્વતંત્રતા :** કુદરતી સ્વતંત્રતાનો અર્થ એ છે કે મનુષ્ય જન્મથી સ્વતંત્રતાનો હક ધરાવે છે. જહૉન લૉક અને રૂસો જેવા ચિંતકોએ તેમના સામાજિક કરારના સિદ્ધાંતમાં કુદરતી અવસ્થા સમજાવી છે. તેમના મતે આ કુદરતી અવસ્થામાં વ્યક્તિ સ્વતંત્રતાનો હક ધરાવતી હતી. આમ મનુષ્ય કુદરતી રીતે જ એટલે કે જન્મ - સમયથી જ સ્વતંત્રતાનો હક ભોગવે છે. સમાજ કે રાજ્ય વ્યક્તિના હક છીનવી શકે નહિ તે બાબતને આ ખ્યાલે દૃઢ બનાવેલ છે.

**(2) નૈતિક સ્વતંત્રતા :** મનુષ્ય બુદ્ધિશાળી પ્રાણી છે, તેથી તેને સ્વ-વિવેકથી વર્તવાની કેટલીક સ્વતંત્રતા હોવી જોઈએ.

તેનાથી વ્યક્તિને સારા-નરસાનો નિર્ણય કરવાનો અધિકાર મળે છે. આ બાબતનું સમર્થન નીતિશાસ્ત્રીઓ, વ્યક્તિવાદીઓ અને અરાજ્યવાદીઓ કરે છે. આ ચિંતકોનું માનવું છે કે સમાજમાં અનૈતિક વ્યવહારોને રોકવાની, તેની સામે અવાજ ઉઠાવવાની વ્યક્તિને સ્વતંત્રતા હોવી જોઈએ.

**(3) સામાજિક અને નાગરિક સ્વતંત્રતા :** સમાજના સભ્ય તરીકે વ્યક્તિને અને રાજ્યના નાગરિક તરીકે તેને કેટલીક સ્વતંત્રતા હોય છે. અભ્યાસીઓએ આ સામાજિક અને નાગરિક સ્વતંત્રતાને ચાર પેટા વિભાગોમાં વહેંચી છે :

(i) **વૈયક્તિક અને નાગરિક સ્વતંત્રતા :** જ્હૉન સ્ટુઅર્ટ મિલ જેવા ચિંતકોનું માનવું છે કે વ્યક્તિને તેના અંગત જીવનમાં સ્વતંત્રતા મળવી જોઈએ. આ સ્વતંત્રતા પ્રમાણે વ્યક્તિએ કેવી રીતે રહેવું ? શું ખાવું ? શું પીવું ? કેવો પોશાક પહેરવો ? કયો ધર્મ પાળવો ? જેવી બાબતોમાં સ્વતંત્રતા મળવી જોઈએ. સમાજે કે રાજ્યે તેમાં દખલગીરી કરવી જોઈએ નહિ.

રાજ્યના સભ્ય તરીકે અને રાજ્યના કાયદાઓના રક્ષણ નીચે વ્યક્તિને નાગરિક સ્વતંત્રતા મળે છે. નાગરિક સ્વતંત્રતા વ્યક્તિને (ક) અન્ય નાગરિકોના અયોગ્ય વર્તાવ સામે રક્ષણ આપે છે. (ખ) તે સરકારના અન્યાયી પગલાઓથી રક્ષણ આપે છે. આ સ્વતંત્રતાઓ રાજ્ય સામે અપાયેલી હોય છે. આમ છતાં રાજ્ય જાહેર હિત માટે તેના ઉપર કેટલીક મર્યાદા મૂકી શકે છે. આ મર્યાદાઓ ગેરવાજબી હોય તો નાગરિક બંધારણીય ઇલાજોના હક દ્વારા અદાલતી સમીક્ષા અને સુરક્ષા માંગી શકે છે.

(ii) **રાજકીય સ્વતંત્રતા :** વ્યક્તિ જે રાજ્યમાં રહેતી હોય તે રાજ્યનાં શાસનસંબંધી કાર્યોમાં ભાગ લેવાની તક આપે છે. આવી જાહેર ભાગીદારીથી નાગરિક જાહેર નીતિના ઘડતર માટે, પોતાના વિચારો દ્વારા તેમાં વળાંક આપવા પ્રયત્ન કરી શકે છે. રાજકીય સ્વતંત્રતા લોકશાહીને મૂર્તિમંત કરે છે. આ સ્વતંત્રતામાં મત આપવાના, ચૂંટણીઓમાં ઉમેદવારી કરવાના, પોતાની પસંદગીના પક્ષ અને ઉમેદવારનો પ્રચાર કરવાના, સરકારનું સમર્થન કે વિરોધ કરવાના હકનો સમાવેશ થાય છે.

(iii) **આર્થિક સ્વતંત્રતા :** આર્થિક સ્વતંત્રતામાં વ્યક્તિને પોતાની તથા પોતાના કુટુંબની આર્થિક જરૂરિયાતો સંતોષવાની બાબતોનો સમાવેશ થાય છે. વ્યક્તિને કામ કરવાના, વાજબી વેતન મેળવવાના, મિલકત એકઠી કરવાના, તેના નિકાલના અને પોતાના વ્યવસાયના રક્ષણ માટે સંઘ રચવાના હકનો સમાવેશ થાય છે. આ આર્થિક સ્વતંત્રતા વિના રાજકીય અને નાગરિક સ્વતંત્રતા અર્થહીન બને છે.

(iv) **રાષ્ટ્રીય સ્વતંત્રતા :** પ્રત્યેક લોકસમૂહ ધર્મ, ભાષા, ભાવાત્મક એકતા જેવા વિવિધ કારણોસર એક રાષ્ટ્ર હોવાની લાગણી ધરાવે છે અને તેના સંચાલનની સ્વતંત્રતા હોય છે. આ સાથે જે રાષ્ટ્રો પરાધીન હોય છે તેને સ્વતંત્રતા માટેની લડત ચલાવવાનો હક હોય છે. તે સ્વતંત્રતા મેળવી રાષ્ટ્ર રાજ્ય બની શકે છે. વાસ્તવમાં આપણે આગળ જોઈ તે સ્વતંત્રતાઓ સ્વતંત્ર રાષ્ટ્ર-રાજ્યમાં જ પાંગરી શકે છે.

## સ્વતંત્રતા શા માટે જરૂરી છે ?

મનુષ્ય માટે સ્વતંત્રતા શા માટે જરૂરી છે ? તે અંગે ચિંતકોએ ઊંડું ચિંતન કર્યું છે. આ ચિંતકોના મતે સ્વતંત્રતા એ પરમ મૂલ્ય છે, તે સ્વયં એક ધ્યેય છે. સ્વતંત્રતામાં જ મનુષ્યને સુખ અને સંતોષ મળે છે. તેથી જ સ્વતંત્રતા માટે અનેક રાષ્ટ્રો વિદેશી શાસકો સામે સ્વાતંત્ર્ય સંગ્રામ લડ્યાં છે.

સ્વતંત્રતામાં જ વ્યક્તિના વ્યક્તિત્વનો સર્વાંગી વિકાસ શક્ય બને છે. સત્યની શોધ માટે, વૈજ્ઞાનિક શોધખોળો માટે અને ન્યાયી સમાજની રચના માટે સ્વતંત્રતા હોવી જરૂરી છે.

## સ્વતંત્રતાનો સામાજિક અને રાજકીય ખ્યાલ

મનુષ્ય સમૂહજીવનથી ટેવાયેલો છે. સમૂહ કે સમાજ વિનાના મનુષ્યની સ્વતંત્રતાનો કોઈ અર્થ નથી. તેથી મનુષ્યે સમાજના સભ્ય તરીકે અને બીજા પણ સ્વતંત્રતા ભોગવી શકે તે માટે વાજબી ધોરણસરની અને મર્યાદા સહિતની સ્વતંત્રતા માણવાની હોય છે.

જ્યારે આપણે સ્વતંત્રતાના રાજકીય ખ્યાલનો વિચાર કરીએ છીએ ત્યારે જણાય છે કે, રાજ્યના સભ્ય તરીકે નાગરિકને રાજ્યની સામે કેટલીક સ્વતંત્રતા છે જેનું રક્ષણ પણ રાજ્ય જ કરે છે. તેથી જ રાજ્યના કાયદાઓની મર્યાદામાં રહીને નાગરિકે સ્વતંત્રતા ભોગવવાની છે.

**સ્વતંત્રતા અને કાયદા વચ્ચેનો સંબંધ**

આપણે આગળ વિચારણા કરી તે પ્રમાણે મનુષ્ય સામાજિક પ્રાણી છે. સામાજિક જીવનમાં જ વ્યક્તિના સ્વાતંત્ર્યની સાર્થકતા સમાયેલી છે. સમૂહજીવન વ્યવસ્થા માંગે છે. આ વ્યવસ્થા માટે રાજ્યસંસ્થાનો ઉદ્ભવ અને વિકાસ થયો છે. રાજ્યે શાસન માટે કાયદાનો વિકાસ કર્યો છે. રાજ્યના સભ્ય તરીકે નાગરિકે કાયદાની મર્યાદામાં સ્વતંત્રતાનો ઉપભોગ કરવાનો હોય છે. કાયદાપાલનથી વ્યક્તિ પોતે સ્વતંત્રતા ભોગવી શકે છે અને બીજાને સ્વતંત્રતા ભોગવવા દઈ શકે છે.

રાજ્યના આ કાયદાની મર્યાદા સામે વ્યક્તિવાદીઓએ અવાજ ઉઠાવ્યો કે, રાજ્યે ઓછાંમાં ઓછાં નિયંત્રણો મૂકવા જોઈએ. રાજ્ય લોકસંમતિથી કાયદાઓ ઘડે તેવું વ્યક્તિવાદીઓ જણાવે છે. આમ, વ્યક્તિની સ્વતંત્રતાના રક્ષણ માટે અને તેના સંવર્ધન માટે વત્તે-ઓછે અંશે કાયદો અને વ્યવસ્થા જરૂરી છે, અને તે માટે રાજ્ય જરૂરી છે.

**સમાનતા**

સ્વતંત્રતાની સાથે સમાનતાનો ખ્યાલ પણ લોકશાહી માટે મહત્ત્વનો છે. વિશ્વની મહાન ક્રાંતિઓ જેવી કે, ફ્રેન્ચ ક્રાંતિ, અમેરિકન સ્વાતંત્ર્યસંગ્રામ અને રશિયાની બોલ્શેવિક ક્રાંતિમાં સ્વતંત્રતાની સાથે સમાનતા ઉપર પણ ભાર મૂકેલો. ભારતના બંધારણમાં મૂળભૂત હકો અને રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોમાં સમાનતાના હકને મહત્ત્વનું સ્થાન અપાયેલું છે.

**સમાનતાનો અર્થ**

સમાનતાનો અર્થ સ્પષ્ટ કરવા માટે જુદા જુદા અભ્યાસીઓએ પ્રયત્ન કરેલો છે. પ્રોફેસર લાસ્કીના મતે, સમાનતાનો અર્થ એ છે કે કોઈ વિશેષ હકવાળા વર્ગ ન હોય અને તમામને વિકાસની યોગ્ય તકો પ્રાપ્ત થાય. સાદા શબ્દોમાં કહીએ તો સમાનતા એક એવી સ્થિતિ છે કે જેમાં સમાજમાં રહેતી પ્રત્યેક વ્યક્તિ તેનો ઉત્તમ વિકાસ સાધી શકે એ માટે જરૂરી કેટલીક પાયાની શરતો અથવા પરિસ્થિતિઓની ખાતરી આપવામાં આવે છે.'' સમાનતાની આ વ્યાખ્યાઓ ઉપરથી નીચેના મુદ્દા સ્પષ્ટ થાય છે :

(1) તમામ મનુષ્યોમાં કેટલુંક સરખાપણું છે, જેનાથી તે અન્ય પ્રાણીઓથી જુદો પડે છે. જેમકે; મનુષ્ય વિચારશીલ પ્રાણી છે.

(2) સમાનતાનો અર્થ એ પણ છે કે સૌને પોતાના વિકાસની સમાન તક મળે.

(3) સમાન સંજોગોમાં સૌની સાથે સમાન વ્યવહાર એ નિયમ ગણાવો જોઈએ. જોકે, તેનો અર્થ યાંત્રિક સમાનતા નથી. ટ્રેનમાં કે બસમાં સ્ત્રીઓ અને અપંગો માટે બેઠકની અલગ વ્યવસ્થા એ સમાનતાનો ભંગ નથી.

**હકારાત્મક અને નકારાત્મક સમાનતા**

સમાનતાની વ્યાખ્યામાંથી હકારાત્મક અને નકારાત્મક - એમ તેનાં બે પાસાં ઊપસે છે. હકારાત્મક સમાનતા એ છે કે કોઈ પણ જાતના ભેદભાવ વિના વ્યક્તિને તેના વિકાસની સમાન તકો મળી રહે. હકારાત્મક સમાનતા ન્યાયના ખ્યાલની સાથે સુસંગત છે. જેમકે, ભારતના બંધારણમાં અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિને સરકારી નોકરીઓમાં અપાયેલ અનામતની વ્યવસ્થા એ હકારાત્મક સમાનતા છે.

જ્યારે નકારાત્મક સમાનતાનો અર્થ એ છે કે કેટલાક લોકોના હાથમાં જમીન અને સંપત્તિનું કેન્દ્રીકરણ રોકવા સરકાર નિષેધાત્મક કાયદા બનાવે છે. આવી નિષેધાત્મક વ્યવસ્થા સમાનતાનો ભંગ થતો અટકાવવા માટે હોય છે.

**સમાનતાના પ્રકાર**

અભ્યાસીઓએ સમાનતાના નીચે પ્રમાણે પ્રકાર બતાવ્યા છે :

**(1) કુદરતી સમાનતા :** કુદરતે મનુષ્યોને સમાન બનાવ્યા છે. તેથી જાતિ, રંગ, જ્ઞાતિ, લિંગ, જન્મ કે ધર્મને આધારે તેમની વચ્ચે ભેદ પાડી શકાય નહિ, એવો કુદરતી સમાનતાનો અર્થ છે. રાજકીય ચિંતક એવા હોબ્સ, લૉક અને રૂસોએ કુદરતી સમાનતાના ખ્યાલનું ભારે સમર્થન કર્યું હતું.

કુદરતી સમાનતાનો અર્થ એ નથી કે મનુષ્ય-મનુષ્ય વચ્ચે કોઈ તફાવત નથી, પરંતુ આ કુદરતી તફાવતો સામાજિક ભેદભાવનો આધાર બનવા જોઈએ નહિ. જેમકે, સ્ત્રી-પુરુષ

**(2) સામાજિક સમાનતા :** સમાજના સભ્ય તરીકે તમામ મનુષ્યોને કેટલાક પાયાના હકો સમાનપણે મળે છે. એવો સામાજિક સમાનતાનો અર્થ છે. સામાજિક સમાનતા સ્થાપવા ભારતના બંધારણે અસ્પૃશ્યતાવાળું વર્તન દાખવવું એને ગુનો ગણ્યો છે. અમેરિકામાં ગુલામીની પ્રથા કાયદેસર રીતે નાબૂદ કરી અશ્વેત લોકોને સમાનતાનો હક અપાયો છે. વિશ્વના મોટા ભાગના દેશોમાં સ્ત્રીઓને લાંબી લડતને અંતે સમાનતાનો હક મળ્યો છે. ભારતમાં રાજારામમોહન રાયથી શરૂ કરી ગાંધીજી અને ડાÇ. બી. આર. આંબેડકર જેવા અનેક મહાનુભાવોએ સામાજિક સમાનતા માટે પ્રયત્નો કરેલા છે. શિક્ષણ એ સામાજિક સમાનતા માટે જાગૃતિ લાવનારું મોટું સાધન છે.

**(3) રાજકીય સમાનતા :** રાજ્યના નાગરિકોને જાહેર બાબતો કે જાહેર કાર્યોમાં તથા તેના નિર્ણય-ઘડતરમાં ભાગ લેવાની તકની સમાનતા એ રાજકીય સમાનતા છે. નાગરિકો વાણી અને લેખન-સ્વાતંત્ર્ય દ્વારા જાહેર બાબતો અંગે પોતાના વિચારો વ્યક્ત કરી શકે છે. તેઓ સાર્વત્રિક પુખ્તવય મતાધિકાર દ્વારા મત આપવાની, ઉમેદવારી કરવાની, રાજ્યની નોકરીઓમાં સમાન લાયકાતને આધારે તકની સમાનતાનો હક ધરાવે છે. ત્યારે તે રાજકીય સમાનતાને મૂર્તિમંત કરે છે. આવી સમાનતા લોકશાહી વિશેષ આપી શકે છે. ભારતના પ્રથમ રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્રપ્રસાદે સ્વતંત્ર ભારતની લોકશાહી માટે કહેલું ''હવે બધા રાજા છે અને બધા પ્રજા છે.''

**(4) આર્થિક સમાનતા :** આર્થિક સમાનતાનો અર્થ એટલે પ્રત્યેક વ્યક્તિને તેની મૂળભૂત જરૂરિયાતો પૂરતા પ્રમાણમાં સંતોષી શકે તેવી પરિસ્થિતિ કરી શકીએ. દેશના અર્થતંત્રમાં સામેલ થવાની અને તેના દ્વારા પર્યાપ્ત આર્થિક જીવનધોરણ પ્રાપ્ત કરવાનો સૌનો સરખો હક આર્થિક સમાનતાને વ્યક્ત કરે છે. આર્થિક સમાનતા સિદ્ધ કરવા, સંપત્તિનું કેન્દ્રીકરણ રોકવા રાજ્ય કાયદા ઘડે છે અને સામુદાયિક સંપત્તિનો ઉપયોગ સૌના ઉત્કર્ષ માટે થાય, તે બાબત ઉપર ભાર અપાય છે. પ્રોફેસર લાસ્કીના શબ્દોમાં જોઈએ તો, 'આર્થિક સમાનતા એટલે આવકની સમાનતા કે વર્તનની એકરૂપતા નહિ, આર્થિક સમાનતા આખરે તો અમુક હદ સુધી સમથળ કરવાની પ્રક્રિયા છે.' ભારતમાં ખેડે તેની જમીન, જમીન ટોચ મર્યાદાનો કાયદો અને શ્રમિકોને પૂરતા વેતનના કાયદા આર્થિક સમાનતા માટેના પ્રયત્નો છે.

**(5) કાનૂની સમાનતા :** કાનૂની સમાનતાની માંગ સામંતશાહી પ્રથાના અત્યાચારો સામે 18મી સદીમાં ઊઠી ને 'કાયદા સમક્ષની સમાનતા' અને 'કાયદાના સમાન રક્ષણની' વાત કરે છે. કાયદાની નજરે પૈસાદાર કે ગરીબ સૌ સમાન છે. કાયદાની સમાનતાનો અર્થ એ નથી કે બધા લોકો માટે સમાન કાયદા હોય, કાયદો બુદ્ધિયુક્ત ભેદ પાડે છે. જેમકે રાજ્ય શ્રમિકો, ખેતમજૂરો, બાળકો, સ્ત્રીઓ અને વૃદ્ધોના હિતને ધ્યાનમાં લઈને કાયદા ઘડી શકે છે.

કાયદાનું શાસન એ કાનૂની સમાનતાનો પાયો છે. કાનૂની સમાનતાને અદાલતમાંથી ન્યાય મેળવવાની સમાન તક સાથે અને અદાલતની તટસ્થતા સાથે પણ સંબંધ છે.

**(6) રાષ્ટ્ર-રાષ્ટ્ર વચ્ચેની સમાનતા :** આંતરરાષ્ટ્રીય કાયદાની નજરે વિશ્વનાં તમામ રાજ્યો સમાન છે. વ્યવહારમાં અમેરિકા વિશ્વની વિરાટ સત્તા છે. પરંતુ સંયુક્ત રાષ્ટ્રો (United Nations - U.N.- યુ.એન.)ના સભ્યપદ માટે સાર્વભૌમત્વની સમાનતાનો સ્વીકાર થયો છે. યુ.એન.ની મહાસભામાં પ્રત્યેક સભ્યરાષ્ટ્ર સમાન પ્રતિનિધિત્વ ધરાવે છે. પ્રત્યેક સભ્યરાજ્ય તેમાં એક જ મત આપી શકે છે.

**સમાનતા અને સ્વતંત્રતા વચ્ચેનો સંબંધ :**

સ્વતંત્રતા અને સમાનતાના સંબંધ અંગે અભ્યાસીઓમાં એક મત નથી. કેટલાક માને છે કે સ્વતંત્રતા અને સમાનતા એકબીજાના વિરોધી ખ્યાલ છે. જ્યારે બીજા કેટલાક માને છે કે સ્વતંત્રતા અને સમાનતા એકબીજાના પૂરક ખ્યાલો છે.

જે અભ્યાસીઓ સ્વતંત્રતા અને સમાનતાને પરસ્પર વિરોધી માને છે તેમના મતે સમાનતા માટે કેટલાંક નિયંત્રણો મૂકવા જરૂરી છે અને નિયંત્રણો સ્વતંત્રતાના ખ્યાલની વિરુદ્ધ છે. તેમના મતે મિલકતનો હક એ કુદરતી છે. તેના ઉપર નિયંત્રણો મૂકી શકાય નહિ. સમાનતા લાવવા રાજ્યની સત્તામાં વધારો કરવો પડે જે સ્વતંત્રતાની વિરોધી છે.

કેટલાક અભ્યાસીઓનું માનવું છે કે, સ્વતંત્રતા અને સમાનતા પરસ્પર વિરોધી નથી. તેમના મતે સમાનતા વિના વિશેષાધિકારો ઊભા થાય છે જે સ્વતંત્રતાના વિરોધી છે. તેઓ એમ પણ કહે છે કે આર્થિક જરૂરિયાતોના અભાવમાં રાજકીય સ્વતંત્રતાનો કોઈ અર્થ નથી.

આમ, સ્વતંત્રતા અને સમાનતા પરસ્પર પૂરક છે. વ્યક્તિત્વના વિકાસ માટે બંને જરૂરી છે. આમ છતાં સ્વતંત્રતાના ભોગે સમાનતા લાવવાનો પ્રયત્ન વ્યર્થ જાય છે. તે બાબત પૂર્વ સામ્યવાદી દેશોના અનુભવે પૂરવાર કરી છે.

**સામાજિક ન્યાય**

ન્યાયની ભાવના માનવસમાજમાં પ્રાચીન સમયથી જોવા મળે છે. તેથી જ ન્યાય અંગેનું ચિંતન પણ વિશ્વના મોટા ભાગના દેશોમાં પ્રાચીન સમયથી થયેલું જણાય છે. સ્વતંત્ર ભારતના બંધારણના આમુખમાં 'સામાજિક, આર્થિક અને રાજકીય ન્યાય' નો આગ્રહ રખાયો છે. મૂળભૂત હકોમાં સમાનતાના હકને મહત્ત્વનું સ્થાન અપાયું છે. રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોમાં પણ સામાજિક ન્યાયની સ્થાપના થાય તે માટેનો આગ્રહ છે. આ સંદર્ભમાં ન્યાયતંત્રે કેટલાક ચુકાદાઓ પણ આપ્યા છે.

ઉપરાંત ન્યાયના સિદ્ધાંતના આધુનિક ચિંતક જ્હૉન રૉલ્સ જેમણે રાજ્યના કાયદાથી સમાજના વંચિત વિભાગોની વધુ તરફેણને ન્યાય કહ્યો છે. એવી હકારાત્મક સમાનતા માટેની વિશેષ સંભાળની નીતિનો ભારતે સ્વીકાર કર્યો છે. સમાજના પાછળ રહી ગયેલા સમૂહો, અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ માટે સ્થાનિક સરકારો, ધારાસભા અને સંસદમાં અનામત બેઠકો રખાઈ છે. છ થી ચૌદ વર્ષનાં બાળકોને નિઃશુલ્ક અને ફરજિયાત શિક્ષણ હવે મૂળભૂત હક તરીકે સ્વીકારાયો છે. સ્ત્રીઓને માત્ર સુરક્ષા જ નહિ તેને આત્મનિર્ભર બનાવવા પગલાં લેવાઈ રહ્યાં છે. 73માં અને 74માં બંધારણીય સુધારાઓ અનુક્રમે પંચાયતીરાજ અને શહેરી સ્થાનિક સરકારોમાં સ્ત્રીઓને 33 ટકા અનામત બેઠકો આપી છે. ગુજરાતમાં વર્ષ 2015થી આ સ્ત્રી અનામત બેઠકો 33 ટકાથી વધારી 50 ટકા કરાઈ છે.

સાચર સમિતિના અહેવાલમાં મુસ્લિમ અને ખ્રિસ્તી લઘુમતી લોકોમાં પણ પાછળ રહી ગયેલા લોકોના કલ્યાણ માટે વિશેષ કાળજી માટે ભલામણ થઈ છે. ગુજરાતના ગ્રામીણ વિસ્તારમાં પંચાયતીરાજની 'સામાજિક ન્યાય સમિતિ' દલિતોને સામાજિક ન્યાય અપાવવા સક્રિય છે. દિલીપસિંહ ભૂરિયા સમિતિની ભલામણોના અમલ સાથે આદિવાસી સમૂહોના હિતોની સુરક્ષા માટે પંચાયતીરાજમાં સુધારા કરાયા છે.

આમ, ભારતમાં સામાજિક ન્યાય સમાજના જરૂરિયાતવાળા પ્રત્યેક લોકો સુધી પહોંચે તે માટે કાળજી લેવાઈ રહી છે. આમ છતાં આ ક્ષેત્રે હજુ ઘણું કરવાનું બાકી છે.

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના સવિસ્તર જવાબ આપો :**

(1) સ્વતંત્રતા એટલે શું ? સ્વતંત્રતાના પ્રકારોની ચર્ચા કરો.

(2) સ્વતંત્રતા શા માટે જરૂરી છે તે સમજાવો અને સ્વતંત્રતાના સામાજિક તથા રાજકીય ખ્યાલની સમજૂતી આપો.

(3) સમાનતાનો અર્થ સમજાવી તેના પ્રકારોની ચર્ચા કરો.

**2. ટૂંક નોંધ લખો :**

(1) સ્વતંત્રતાના પ્રકાર

(2) સ્વતંત્રતા અને કાયદા વચ્ચેનો સંબંધ

(3) સ્વતંત્રતાનું હકારાત્મક અને નકારાત્મક પાસું

(4) હકારાત્મક અને નકારાત્મક સમાનતા

(5) સમાનતા અને સ્વતંત્રતા વચ્ચેનો સંબંધ

**3. નીચેના પ્રશ્નોના એક-બે વાક્યોમાં જવાબ આપો :**

(1) હકારાત્મક સ્વતંત્રતા કોને કહે છે ?

(2) નકારાત્મક સ્વતંત્રતા કોને કહે છે ?

(3) કુદરતી સ્વતંત્રતા કોને કહે છે ?

(4) નૈતિક સ્વતંત્રતા એટલે શું ?

(5) રાજકીય સ્વતંત્રતા કોને કહે છે ?

(6) આર્થિક સમાનતા એટલે શું ?

(7) રાજકીય સમાનતા કોને કહે છે ?

(8) કાનૂની સમાનતાનો તમે શું અર્થ કરો છો ?

(9) રાષ્ટ્ર-રાષ્ટ્ર વચ્ચેની સમાનતા એટલે શું ?

**4. સાચો વિકલ્પ પસંદ કરી બાજુના ખાનામાં દર્શાવો :**

(1) સ્વતંત્રતાનાં કેટલાં પાસાં છે ?

(અ) બે (બ) ત્રણ (ક) ચાર (ડ) છ ☐

(2) સમાનતાનાં કેટલાં પાસાં છે ?

(અ) ત્રણ (બ) પાંચ (ક) સાત (ડ) બે ☐

(3) કઈ ક્રાંતિમાં સમાનતા ઉપર ભાર મુકાયેલો ?

(અ) ઈરાનની ઈસ્લામિક ક્રાંતિ (બ) ફ્રેન્ચ ક્રાંતિ

(ક) અફઘાન ક્રાંતિ (ડ) આઇ એસ આઇ એસ (ISIS) ☐

(4) ગુજરાતમાં કયા વર્ષે સ્થાનિક સરકારમાં સ્ત્રી અનામત બેઠકોને 33 ટકામાંથી 50 ટકા કરવામાં આવી ?

(અ) 2000 (બ) 2010 (ક) 2012 (ડ) 2015 ☐

(5) કાનૂની સમાનતાની માંગ કઈ પ્રથાના અત્યાચારો સામે ઉદ્ભવી ?

(અ) સામંતશાહી પ્રથા (બ) ગુલામી પ્રથા

(ક) સતી પ્રથા (ડ) તાલીબાની પ્રથા ☐

**પ્રવૃત્તિ**

- સ્વતંત્રતા અને સમાનતા અંગે ચર્ચાસભા ગોઠવો.

●

# 3 રાષ્ટ્રવાદ અને બિનસાંપ્રદાયિકતા

રાષ્ટ્રવાદ અને બિનસાંપ્રદાયિકતા (સેક્યુલરિઝમ - ધર્મનિરપેક્ષતા) બંને રાજ્યશાસ્ત્રના અભ્યાસ માટે અગત્યના ખ્યાલો છે. કોઈપણ રાજ્યની એકતા માટે રાષ્ટ્રવાદની ભાવના મહત્ત્વની બાબત છે. પરંતુ લોકશાહી રાજ્યની મજબૂતાઈ માટે રાષ્ટ્રવાદ ઉપરાંત બિનસાંપ્રદાયિકતાનો આદર્શ પણ મહત્ત્વની બાબત છે. લોકશાહી મૂર્તિમંત થાય તે માટે કોઈ પણ જાતના ધાર્મિક ભેદભાવ વગર તમામ નાગરિકોને સમાનતાનો હક મળે તે માટે બિનસાંપ્રદાયિકતાનો સ્વીકાર જરૂરી છે. બિનસાંપ્રદાયિકતાને લીધે જ રાજ્યના તમામ નાગરિકો કોઈ પણ જાતના ભેદભાવ વિના જાહેર બાબતોની નીતિ-ઘડતરમાં ભાગ લઈ શકે છે. આમ થવાથી રાષ્ટ્ર-રાજ્ય મજબૂત બને છે. તેથી ભારતની લોકશાહીને પોષક એવા રાષ્ટ્રવાદ અને બિનસાંપ્રદાયિકતા બંને ખ્યાલોને આપણે વિગતે સમજીએ.

**રાષ્ટ્રવાદ**

રાષ્ટ્રવાદની સમજૂતી મેળવતાં પહેલાં આપણે 'રાષ્ટ્ર' શબ્દનો અર્થ જાણવો જરૂરી છે. રાષ્ટ્ર માટે અંગ્રેજીમાં વપરાતો શબ્દ 'નેશન' લેટિન ભાષાના 'નેસીયો' ઉપરથી ઊતરી આવ્યો છે. જેનો અર્થ 'જાતિ' એવો થાય છે. આમ, તેના શબ્દાર્થ પ્રમાણે રાષ્ટ્ર એટલે એક જ જાતિમાંથી બનેલો સમૂહ. પરંતુ, લૉર્ડ બ્રાઈસનું કહેવું છે કે રાષ્ટ્ર માટે રાષ્ટ્રીયતાની માનસિક કે આધ્યાત્મિક ભાવનામાં રાજકીય તત્ત્વ ઉમેરાય ત્યારે તે રાષ્ટ્ર બને છે. એટલે કે રાષ્ટ્રીયતા જ્યારે સ્વતંત્રતાપ્રાપ્તિની પ્રબળ ઈચ્છા ધરાવે ત્યારે તે રાષ્ટ્ર બને છે.

આમ ભાષા, ધર્મ, જાતિ, ભૌગોલિક એકતા અને ભાવાત્મક એકતા રાષ્ટ્રના સર્જનમાં મહત્ત્વનો ભાગ ભજવે છે. આવું પ્રત્યેક 'રાષ્ટ્ર' રાજ્ય બનવાની ઝંખના ધરાવે છે. આવું રાષ્ટ્ર જ્યારે રાજ્યનું સ્વરૂપ ધારણ કરે છે ત્યારે તે રાષ્ટ્ર રાજ્ય તરીકે ઓળખાય છે. આમ છતાં રાષ્ટ્ર અને રાજ્ય વચ્ચે તફાવત છે જે નીચે પ્રમાણે સમજી શકાય :

**(ક) અર્થની દૃષ્ટિએ :** જ્યારે કોઈ એક માનવસમૂહ જાતિ, ભાષા, ધર્મ, ભૌગોલિક એકતા, સમાન, ઐતિહાસિક વારસો, સમાન પ્રણાલિકાઓ અને ભાવાત્મક ઐક્ય ધરાવે છે ત્યારે તે રાષ્ટ્ર એકતા અનુભવે છે. આવો માનવસમૂહ રાજકીય રીતે સ્વતંત્ર થવાની ઝંખના કરે ત્યારે તે રાષ્ટ્ર કહેવાય છે. આ સાથે એ પણ મહત્ત્વનું છે કે, એક રાષ્ટ્રમાં વિવિધ ભાષા, વિવિધ ધર્મો, વિવિધ જાતિવાળા માનવસમૂહો હોઈ શકે છે.

જ્યારે રાજ્ય માટે ચાર ઘટકતત્ત્વો મહત્ત્વનાં છે : વસ્તી, વિસ્તાર, સરકાર અને સાર્વભૌમત્વ.

**(ખ) સ્વરૂપની દૃષ્ટિએ :** રાષ્ટ્ર મુખ્યત્વે સાંસ્કૃતિક ખ્યાલ છે. તેમાં રાજકીય તત્ત્વ હોય પણ ખરું અને ન પણ હોય. જો હોય તો તે ગૌણ સ્વરૂપનું હોય છે.

જ્યારે રાજ્ય સંપૂર્ણ રીતે રાજકીય સ્વરૂપ ધરાવે છે. તે આંતરિક અને બાહ્ય બંને રીતે સાર્વભૌમત્વ ધરાવે છે. દા.ત., 15 મી ઑગસ્ટ, 1947 પહેલાં ભારત રાષ્ટ્ર હતું પરંતુ 15 મી ઑગસ્ટ, 1947ના રોજ સ્વતંત્રતા મળતાં ભારત રાજ્ય બન્યું.

**(ગ) પીઠબળની દૃષ્ટિએ :** રાજ્યને સાર્વભૌમત્વનું પીઠબળ હોવું જ જોઈએ. જ્યારે રાષ્ટ્રને સાર્વભૌમત્વનું પીઠબળ હોય પણ ખરું અને ન પણ હોય, તે તેનું અનિવાર્ય તત્ત્વ નથી.

**(ઘ) વ્યાપની દૃષ્ટિએ :** રાષ્ટ્રનો વ્યાપ મોટો હોઈ શકે છે. રાષ્ટ્ર માટે ચોક્કસ ભૌગોલિક સરહદોની જરૂર નથી. જ્યારે રાજ્ય બનવા માટે ચોક્કસ ભૌગોલિક વિસ્તાર આવશ્યક તત્ત્વ છે. જે રાજ્યની ચોક્કસ સરહદો સૂચવતો હોય છે.

આમ રાજ્ય કરતાં રાષ્ટ્રનો વ્યાપ મોટો હોઈ શકે છે. દા.ત., 1948 પહેલાં યહૂદીઓ વિશ્વના ઘણા દેશોમાં ફેલાયેલા હતા. તેઓ યહૂદી રાષ્ટ્રની એકતા અનુભવતા હતા.

**(ચ) ઘટકતત્ત્વોની દૃષ્ટિએ :** રાષ્ટ્ર બનવા માટે આગળ જોયાં તે ભાષા, ધર્મ વગેરે તમામ તત્ત્વોની હાજરી અનિવાર્ય

નથી. જ્યારે રાજ્ય બનવા માટે આગળ જોયાં તે ચાર ઘટકતત્ત્વો - વસ્તી, વિસ્તાર, સરકાર અને સાર્વભૌમત્વ અનિવાર્ય છે.

**(છ) ખ્યાલની દૃષ્ટિએ :** રાષ્ટ્રને ભાવાત્મક એકતા સાથે સંબંધ છે. જ્યારે રાજ્ય કાનૂની ખ્યાલ ધરાવે છે. તેને કાનૂની વ્યક્તિત્વ હોય છે.

આમ, રાષ્ટ્ર અને રાજ્ય બંને ખ્યાલો વચ્ચે સ્પષ્ટ અંતર છે. આમ છતાં કેટલીક વાર બંને એકબીજાની અવેજીમાં પણ વપરાય છે. દા.ત., 1945માં સ્થપાયેલ સંયુક્ત રાષ્ટ્રો (યુએન) એ વાસ્તવમાં સાર્વભૌમ રાજ્યોનો સંઘ છે. આમ છતાં તે રાષ્ટ્રોના સંઘ તરીકે ઓળખાય છે. તે જ રીતે ભારતીય સંઘમાં જે ઘટક એકમો છે તે રાજ્યોના નામે ઓળખાય છે. પરંતુ તેઓ રાજ્યશાસ્ત્રની પરિભાષાની દૃષ્ટિએ 'રાજ્ય' નથી.

રાષ્ટ્રવાદ એ રાષ્ટ્રમાં ઊભી થતી મારાપણાની ઊંચી ભાવના છે. તે એક અત્યંત પ્રભાવશાળી વિચારધારા છે. તે પોતાના રાષ્ટ્રને શ્રેષ્ઠ ગણે છે. જો રાષ્ટ્ર પરાધીન હોય તો તેની સ્વતંત્ર બનવાની રાજકીય મહેચ્છા ઉગ્ર બનાવે છે. રાષ્ટ્ર-રાજ્ય ઉપર આફત આવે ત્યારે તે પોતાનાં રાજ્યોની શાંતિ, સલામતી અને અખંડિતતા માટે મરી-ફીટવાની ભાવના પેદા કરે છે.

**રાષ્ટ્રવાદનાં લક્ષણો**

કેટલાક અભ્યાસીઓએ રાષ્ટ્રવાદનાં લક્ષણો નીચે પ્રમાણે આપ્યાં છે :

**(1) સમાન આદતો અને સંચારની સુવિધા :** સમાન આદતો અને સંચારમાં ભાગીદાર બનતો મોટો માનવસમૂહ એ રાષ્ટ્રવાદનું પ્રથમ લક્ષણ છે. સંચારમાં ભાષા, લિપિ અને ચિત્ર જેવાં પ્રતીકોની સમાનતા સમાજમાં એકરૂપતા લાવે છે.

**(2) તે માનસિક સ્થિતિ છે :** રાષ્ટ્રવાદ એ મનની એક ભાવના છે. તે એવી માનસિક અવસ્થા છે, જેમાં લોકોની અંતિમ જવાબદારી પોતાના રાષ્ટ્ર પ્રત્યે છે. તે કેટલુંક રહસ્યનું તત્ત્વ ધરાવે છે. તે વાસ્તવિક હોય કે ન પણ હોય તેવા રાષ્ટ્ર સાથે સંકળાયેલ હોય છે.

**(3) તે આધુનિક ઘટના છે :** પ્રાચીન સમયમાં પણ પ્રજાને પોતાના દેશ પ્રત્યે પ્રેમ હતો જ. પરાજિત મહારાણા પ્રતાપની મદદે પોતાના કરોડો રૂપિયાનાં ઝવેરાત સાથે મદદે જનાર ભામાશા શેઠ જેવાં ઉદાહરણો ભારતમાં અન્ય સ્થળે અને વિશ્વના દેશોમાં હતાં જ. પરંતુ આમજનતાની જાગૃતિ અને એકતાને વ્યક્ત કરતી વેસ્ટફાલિયાની સંધિમાં આધુનિક રાષ્ટ્રવાદના બીજ પ્રથમવાર જોવા મળ્યાં. 18મી સદીમાં અમેરિકન સ્વાતંત્ર્યસંગ્રામમાં 'પ્રતિનિધિત્વ નહિ તો કર નહિ' એવી લોકજાગૃતિમાં અને ફ્રેન્ચ ક્રાંતિની સ્વતંત્રતા, સમાનતા અને બંધુત્વની ભાવનામાં રાષ્ટ્રવાદ સ્પષ્ટરૂપે વ્યક્ત થયો.

**(4) રાષ્ટ્રવાદ માટે રાજ્યનું હોવું જરૂરી નથી :** રાષ્ટ્રવાદી ભાવના રાજ્યનાં અસ્તિત્ત્વ વગર પણ ઉદ્ભવી શકે છે. જેમ કે, ભારતમાં અંગ્રેજોની ગુલામી સમયે 1885માં ઇન્ડિયન નેશનલ કૉંગ્રેસની સ્થાપના સાથે રાષ્ટ્રવાદનો થયેલો ક્રમિક વિકાસ.

**(5) એક રાજ્યમાં રાષ્ટ્રો અનેક હોઈ શકે પરંતુ રાષ્ટ્રવાદ એક જ હોય છે :** રાજકીય ચિંતક જે. એસ. મિલ અને અમેરિકન પ્રમુખ વુડ્રોવિલ્સન એક રાષ્ટ્ર એક રાજ્યના સમર્થક હતા. પ્રથમ વિશ્વયુદ્ધ પછી આ સિદ્ધાંતને પગલે કેટલાંક નવાં રાષ્ટ્ર-રાજ્યોનો જન્મ પણ થયો.

પરંતુ એક રાષ્ટ્ર એક રાજ્યના સિદ્ધાંતનો વ્યાપક પાયા ઉપર અમલ થઈ શકે તેમ નથી, તે બાબતનું સમર્થન બહુત્વવાદીઓએ કર્યું. આ બહુરાષ્ટ્ર - એક રાજ્યના સિદ્ધાંતનો અમલ આજે પણ અમેરિકા, ભારત, ચીન અને રશિયા જેવાં વિશ્વનાં ઘણાં રાજ્યોમાં જોવા મળે છે. અહીં વિવિધતામાં એકતાથી તંદુરસ્ત રાષ્ટ્રવાદનો વિકાસ થયેલો જણાય છે.

**(6) રાષ્ટ્રવાદ ઉદારમતવાદી અથવા ઉગ્રવાદી :** જ્યારે રાષ્ટ્રના લોકો પોતાના રાષ્ટ્ર માટે ગૌરવની લાગણી ધરાવતા હોય, તે સાથે અન્ય રાષ્ટ્રના સહઅસ્તિત્વને પણ સ્વીકારતા હોય ત્યારે તે ઉદારમતવાદી રાષ્ટ્રનું સ્વરૂપ ધારણ કરે છે.

જ્યારે મુસોલિનીના નેતૃત્વ નીચે ઈટાલીમાં ફાસીવાદી અને હિટલરના નેતૃત્વ નીચે જર્મનીમાં વિકસેલ નાઝીવાદી રાષ્ટ્રવાદે આર્યજાતિ જ મહાન છે, વિશ્વની અન્ય પ્રજા નિમ્ન કક્ષાની છે. તેવી ભાવના ફેલાવી જે બીજા વિશ્વયુદ્ધ માટે મહત્ત્વનું કારણ બની. ફાસીવાદ અને નાઝીવાદ એ ઉગ્ર રાષ્ટ્રવાદનાં ઉદાહરણો છે.

**(7) ઉદાર રાષ્ટ્રવાદ સમાજને સંગઠિત કરે છે :** ઉદાર રાષ્ટ્રવાદ વિવિધ ધર્મો, વિવિધ ભાષાઓ, વિવિધ વર્ગો અને

વિવિધ જાતિઓ વચ્ચેના ભેદભાવને ઓળંગીને લોકોને એક રાષ્ટ્ર-રાજ્યની ભાવના પ્રત્યે વફાદાર બનાવે છે.

**(8) તે આપત્તિઓનો સામનો કરવાની શક્તિ આપે છે :** સમાજ અને રાજ્ય ઉપર ક્યારેક કુદરતી આપત્તિ જેવી કે ધરતીકંપ, પૂર, વાવાઝોડું અને માનવસર્જિત આપત્તિ જેવી કે, વિદેશી આક્રમણ આવે છે. આ સમસ્યાઓનો સફળતાપૂર્વક સામનો કરવાનું નૈતિક બળ રાષ્ટ્રવાદ પૂરું પાડે છે.

**(9) રાષ્ટ્રને આર્થિક રીતે મજબૂત બનાવે છે :** યુરોપના સંસ્થાનવાદ અને સામ્રાજ્યવાદનો ભોગ બનેલા દેશોના લોકો ઉપર થયેલા અત્યાચારોએ લોકોમાં આર્થિક જાગૃતિ આણેલી તેથી આ ગુલામ દેશોમાં આર્થિક રાષ્ટ્રવાદ મજબૂત બન્યો. આર્થિક ચિંતક દાદાભાઈ નવરોજીએ પોતાના અભ્યાસોને આધારે કહેલું કે, 'હિંદની ગરીબાઈનું કારણ અંગ્રેજોની શોષણનીતિમાં રહેલું છે.' ગાંધીજીનો વિદેશી માલનો બહિષ્કાર, સ્વદેશીનો આગ્રહ અને ગામડાને આત્મનિર્ભર બનાવવાના વિચારો ભારતના રાષ્ટ્રવાદને પોષક હતા.

આમ રાષ્ટ્રવાદ રાજ્યને અનેક રીતે ઉપકારી હોવા છતાં વૈશ્વિકીકરણના નૂતન પ્રવાહો વિશ્વને આંતર રાષ્ટ્રવાદ તરીકે દોરનારા બન્યા છે. આમ છતાં આજે પણ પ્રત્યેક રાષ્ટ્ર-રાજ્ય નાગરિકની તેના પ્રત્યેની વફાદારી ઉપર ભાર મૂકે છે. તેથી જ ભારતના બંધારણમાં મૂળભૂત ફરજો ઉમેરાઈ અને તેના ઉપર ભાર મુકાયો. નાગરિકો પણ પોતાના રાષ્ટ્ર-રાજ્યને વિશ્વમાં માનપૂર્ણ દરજ્જો મળે તેવું ઇચ્છતા હોય છે.

## બિનસાંપ્રદાયિકતાનો અર્થ (વૈશ્વિક તેમજ ભારતીય પરિપ્રેક્ષ્યમાં)

બિનસાંપ્રદાયિકતાનો અર્થ વૈશ્વિક કક્ષાએ સમજવા માટે આપણે બિનસાંપ્રદાયિકતાનો વિકાસ તપાસવો જોઈએ. વૈશ્વિક કક્ષાએ બિનસાંપ્રદાયિકતાનો પ્રશ્ન 17મી અને 18મી સદી દરમિયાન મહત્ત્વનો બનેલો. એ સમયે રાજ્ય તેના વિકાસના તબક્કામાં હતું. આ પ્રશ્ન ખાસ કરીને તેના ચર્ચ સાથેના સંબંધ અંગેનો હતો. મધ્યકાલીન યુગમાં રાજ્ય ચર્ચ તરફ પોતાની સત્તા માટે જોતું હતું. ધર્મને પરલોક સાથે, જ્યારે રાજ્યને ઈહલોક સાથે સંબંધ છે. તેથી આખરે નવાં રાજ્યો જે આધુનિક સમયમાં ઉદ્ભવ્યાં, તેમાં તેના ધર્મસત્તાને સહારે નહિ પોતાની જાતે જ રાજકીય સત્તાને મૂલવતા થયાં. આમ, ધર્મસત્તા અને રાજકીય સત્તાના સંઘર્ષમાંથી વિજયી બનેલ રાજકીય સત્તા અને રાજ્ય બિનસાંપ્રદાયિક બન્યાં. રાજ્યના વિકાસની સાથે બિનસાંપ્રદાયિકતાનો આદર્શ સ્વીકૃત બનતો ગયો. આજે વિશ્વના લોકશાહી અને સામ્યવાદી એવા મોટા ભાગનાં રાજ્યો બિનસાંપ્રદાયિકતાનો આદર્શ સ્વીકારે છે. વિશ્વમાં બિનસાંપ્રદાયિક રાજ્યનો ખ્યાલ નીચેની બાબતો સાથે સંકળાયેલ છે :

(1) ધર્મની બાબતમાં રાજ્યનું સ્થાન અને ભૂમિકા તટસ્થ હોય છે. રાજ્ય કોઈ ધર્મને પ્રાથમિકતા આપતું નથી.

(2) ધર્મની બાબતમાં તમામ નાગરિકોને રાજ્ય તરફથી સ્વાતંત્ર્યની બાંયધરી મળે છે. એટલે કે, વ્યક્તિ પોતાને મનપસંદ ધર્મ પાળવાની, તેના માટે સંગઠન રચવાની અને તેનો પ્રચાર કરવાની સ્વતંત્રતા ધરાવે છે.

(3) ધર્મના આધાર ઉપર વ્યક્તિઓ વચ્ચે ભેદ પાડી શકાય નહિ, તેનો અર્થ એ કે, કાયદા સમક્ષ સમાનતા અને જાહેર હોદ્દાઓને ધર્મ સાથે સંબંધ નહિ હોય. તેથી ધર્મની બાબતમાં જાહેર હિત સિવાય રાજ્ય દરમિયાનગીરી નહિ કરે.

સ્વતંત્ર ભારતમાં આપણે બિનસાંપ્રદાયિકતાનો સ્વીકાર કર્યો છે. આપણે સંસદીય લોકશાહી, સ્વતંત્ર અને તટસ્થ ન્યાયતંત્ર તેમજ સાર્વત્રિક પુખ્તવય મતાધિકારની જેમ બિનસાંપ્રદાયિકતાનો ખ્યાલ પણ પશ્ચિમ પાસેથી મેળવ્યો છે. આમ, છતાં આપણે કહી શકીએ કે, બિનસાંપ્રદાયિકતાનાં કેટલાંક તત્ત્વો ભારતીય સંસ્કૃતિમાં પડેલાં હતાં. ભારતીય સંસ્કૃતિ વિવિધતામાં એકતા અને સમરસતાનો ગુણ ધરાવે છે. જેના લીધે સર્વધર્મ સમભાવનો આદર્શ મૂર્તિમંત થાય છે. આ આદર્શને મૂર્તિમંત કરવા બિનસાંપ્રદાયિકતા શબ્દપ્રયોગ 1976માં 42માં બંધારણીય સુધારા મારફતે ભારતના બંધારણના આમુખમાં પાછળથી દાખલ કરવામાં આવ્યો.

આમ છતાં બિનસાંપ્રદાયિકતાનો ભારતનો આદર્શ ધર્મનો વિરોધી કે ધર્મવિહીન સમાજનો હિમાયતી નથી. બંધારણમાં એવું ક્યાંય કલ્પ્યું નથી કે ધર્મને આપણા જીવનમાંથી દૂર કરાય. ટૂંકમાં ભારતના બંધારણે બિનસાંપ્રદાયિકતાના આદર્શને 'સર્વધર્મ સમભાવ'ના અર્થમાં જોયો છે.